વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં

આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ વિભાગના

અનુદાનો માટેની

માંગણી ક્રમાંક – 39 અને 40 પર ચર્ચા માટે

માન.મંત્રીશ્રીનું પ્રવચન

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર

તારીખ ૨૭/૦૨/૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી,

વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં આરોગ્ય વિભાગની માંગણી ક્રમાંક ૩૯ અને ૪૦ ના ખર્ચ રૂ 17,378 કરોડની માંગણીઓ ગૃહ સમક્ષ મૂકી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી,

આજે આ ગૃહમાં ઉપસ્થિત તમામ લોકો સમક્ષ હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માંગણીઓ જ નહીં પરંતુ મારા આરોગ્ય વિભાગના 73 હજાર થી વધુ સભ્યોની લાગણીઓ પરિવારના મોભી તરીકે મૂકી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી

અહીં ગૃહમાં 182 ધારાસભ્યશ્રીઓ, જનતાના પ્રતિનિધીઓ વિધાનસભાની કામગીરી અને ચર્ચામાં ભાગ લે છે.

**અહીં ઉપસ્થિત પ્રત્યેક ધારાસભ્ય સરેરાશ 3.57 લાખ લોકોનો જન પ્રતિનિધી છે.** તેમનો અવાજ છે. તેમની સમસ્યાનું સમાધાન છે. તેમના સ્વપ્ન પૂર્ણ કરવાનું માધ્યમ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્ય સરકારનો આરોગ્ય વિભાગ ફક્ત એક વિભાગ નહીં પરંતુ એક પરિવાર છે. રાજ્યની 6.5 કરોડ જનતા માટે પરિવાર બનીને હંમેશા સેવારત રહે છે. કોરોના જેવી મહામારી હોય કે બીપરજોય કે અન્ય કોઇ વાવાઝોડાની આફત,રાજ્યમાં આવી પડતી કોઇપણ પ્રકારની વિકટ પરિસ્થિતિમાં અમારો આરોગ્ય વિભાગ અને તેના પ્રત્યેક આરોગ્યકર્મી તડકી, છાયડી, દિવસ- રાત જોયા વિના એકજૂટ થઇને જન જનને મદદરૂપ બનવા “સ્વ” ને મુકીને “સમસ્તિ” માટે કામ કરવા લાગી જાય છે. આ ગૃહમાં બેસેલા તમામ સભ્યો જેના સાક્ષી છે.

**રાજ્યમાં ગમે તે ખૂણે, ગમે તે સમયે, ગમે તે તહેવારમાં , રજાના દિવસે કોઇપણ પ્રકારની આપદા આવે, બનાવ બને, મલેરીયા, ડેગન્યુ, ફુડ પોઝનીંગ , માર્ગ અકસ્માત જેવી કોઇપણ આકસ્મિક સ્થિતિ સર્જાય, મારો આરોગ્ય પરિવાર હંમેશા ખડેપગે રહે છે.**

માનનીય અધ્યક્ષશ્રી,

આપણી ભારતીય સંસ્કૃતિ અને કાર્યપ્રણાલીમાં હંમેશાથી આરોગ્ય અને શિક્ષણને આર્થિક ઉપાર્જન નહીં પરંતુ સેવાના માધ્યમ ગણવામાં આવ્યા છે.

**અને હું સદનસીબ છું કે, મને ભારતીય જનતા પાર્ટીની અમારી સરકારે બંને વિભાગોની જવાબદારી સોંપીને રાજ્યના 6.5 કરોડ જનતાની સેવા કરવાની તક આપી છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

વાત જ્યારે આરોગ્યની આવે ત્યારે તેની સાથે લાગણીઓ જોડાયેલી હોય છે.

**પ્રત્યેક પરિવારને, પ્રત્યેક જનને ક્યાંક ને ક્યાંક આરોગ્ય સેવાની જરૂર પડે છે.**

**રાજ્યમાં પથરાયેલું વિશાળ આરોગ્ય માળખું, ભૌગોલિક પરિસ્થિતિ, વિભિન્ન સંસ્કૃતિ, વિષમતાઓ વચ્ચે**

**હું માનું છું કે, ક્યાંક ભૂલો પણ થાય, ક્યાંક કચાશ પણ રહી જાય.**

પરંતુ અમારા ઇરાદાઓ માં ક્યારેય કોઇ કચાશ રહીં નથી અને રહેશે પણ નહીં.

**દર્દીનો જીવ બચાવવો, પીડિતને સાજા કરવું, જરૂરિયાતમંદને વ્હારે આવવું અને જનજનની સુખાકારી વધવી એ જ લક્ષ્ય સાથે અમે આગળ વધીએ છીએ અને દિવસ-રાત કામ કરીએ છીએ.**

આપ સૌ સભ્યો, મીડિયા મિત્રો એ જ્યારે જ્યારે અમારૂ ધ્યાન દોર્યું છે ત્યારે અમે ગંભીરતાથી આપના સુચનોને સાંભળીને જરૂરી પગલા લીધા છે.

આરોગ્ય વિભાગની અંદાજપત્રની માંગણીઓ પર ચર્ચા જ નહીં પરંતુ સ્વસ્થ રાજ્ય બનાવવા માટેના પ્રયાસો પર વિચાર-મંથન અને ચિંતન થવું જોઇએ.

અહીં બેસેલા તમામ સભ્યો ઇચ્છે કે આપણો પરિવાર, આપણો તાલુકો, જિલ્લો આપણા ગુજરાતની ૬.૫ કરોડ જનતા હંમેશા સ્વસ્થ રહે, નિરોગી રહે.

**આરોગ્ય વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પર** **તમામ સભ્યો સર્વાનુમતે સહમત થવા જોઇએ. અને અંદાજપત્રીય માંગણીઓ ઉપરાંત પણ આપણે સમાજ માટે આપણા ગુજરાતી ભગીની બંધુ ઓ માટે આર્થિક કે શારિરીક રૂપે કંઇ રીતે મદદરૂપ બની શકીએ છીએ તેવા પ્રત્યનો હાથ ધરવા જોઇએ.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

અમારા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકારે આ વર્ષના નાણાકીય વર્ષમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે રૂ. 20,100 કરોડની જોગવાઇ કરી છે.

**પાછળના વર્ષની સંદર્ભે રાજ્યની આરોગ્ય અને સુખાકારી માટેની બજેટ જોગવાઇમાં 32.4 %ની જંગી વૃદ્ધિ એ જન જન માટે રાજ્ય સરકારની કટીબદ્ધતા દર્શાવી રહી છે.**

**માનનીય અધ્યક્ષશ્રી**

રાજ્યના આરોગ્ય વિભાગનું બજેટ આપણા ૬.૫ કરોડ ગુજરાતીઓને નિરોગી રાખવામાં તો મદદરૂપ બને જ છે પરંતુ સાથે સાથે ગુજરાતના પડોશી રાજ્યો અને દેશના કોઇપણ ખૂણેથી પોતાની તકલીફ, વેદના, અસહ્ય બીમારીના નિરાકરણ માટેની અંતિમ આશા રાખીને ગુજરાતમાં પ્રવેશતા પ્રત્યેક ભારતીય નાગરિક માટે પણ સારવાર ઉપલબ્ધ કરાવીને નિરોગી અને પીડામુક્ત બનાવવામાં મદદ કરે છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

ગુજરાત સરકાર રાજયના દરેક નાગરિકને જરૂરી અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પૂરી પાડવા કટિબધ્ધ છે.

વડાપ્રધાનશ્રીએ આપેલ હેલ્થ એન્ડ વેલનેસ ના મંત્ર સાથે અમે હોલિસ્ટીક હેલ્થકેર ફોર ઓલ ના અભિગમ અપનાવીને રાજ્યની આરોગ્ય સેવાઓનું વિસ્તૃતીકરણ કરી રહ્યાં છીએ.

રાજ્યના પ્રત્યેક નાગરિકને જરૂરી આરોગ્ય સેવાઓ સુચારું રૂપે મળી રહે તે માટે ગુજરાતમાં આરોગ્ય સેવાઓનું સુવિકસીત માળખું અમારી સરકારે વિકસાવ્યું છે.

સુપર-સ્પેશ્યાલિટી સેવાઓ પૂરી પાડતી આધુનિક હોસ્પિટલથી લઈ ગ્રામ્ય કક્ષાએ છેવાડાના માનવી સુધી પ્રાથમિક અને પેટા આરોગ્ય કેન્દ્રોનું સુનિયોજીત માળખું જન જનની સુખાકારીમાં વધારો કરી રહ્યું છે.

જેની ટૂંકી રૂપરેખા આ મુજબ છે.

- આયુષ્માન આરોગ્ય મંદિરની સંખ્યા : ૯,૯૨૦
- પેટા આરોગ્ય કેન્દ્રો : ૯,૨૩૧
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો : ૧,૪૯૯
- અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો(U-PHC) : ૪૧૭
- સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ- : ૫૭
- ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ : ૧૮
- મેડિકલ કોલેજ : ૪૦
- દીનદયાળ ઔષધાલય : ૪૦૭
- પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રો : ૪૧૭

## તબીબી સેવાઓ:

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્યની આરોગ્ય સેવા-સુવિધાઓનું મજબૂતીકરણ કરવા માટે સૌ પ્રથમ આરોગ્ય માળખાકીય ઢાંચાને મજબૂત કરવું ખુબ જ મહત્વનું બની રહે છે. જેના પરિણામે અમારી સરકારે ગ્રામ્ય સ્તર થી લઇ શહેર સુધીના તમામ આરોગ્ય કેન્દ્રોની માળખાગત સેવા-સુવિધાઓના સુદ્રઢીકરણ પર ભાર મૂક્યો છે.

### હાલમાં વસ્તીના માપધોરણ મુજબ રાજ્યમાં એક પણ આરોગ્ય કેન્દ્રની અછત નથી.

આ વર્ષે પણ રાજ્ય આરોગ્ય સુવિધાઓના સુદ્રઢીકરણ માટે વિવિધ જોગવાઇઓ કરાઇ છે.

- રાજ્યના જુદા જુદા ૧૦ સામુહિક આરોગ્ય કેન્દ્રોને ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી પેટા જીલ્લા કક્ષાની હોસ્પિટલોમાં અપગ્રેડ કરવા હોસ્પિટલના હયાત મકાનોનું ફર્નિચર-ફિક્ચર્સ સહિત વિસ્તરણ કરવા તેમજ જરૂરી ખૂટતુ માનવબળ મંજુર કરવા અંદાજપત્રમાં રૂ.૩૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- ૨૦ થી ૨૫ વર્ષમાં મધ્ય ઝોનના અમદાવાદ તેમજ દક્ષિણ ઝોનના સુરત શહેરમાં વસ્તી તેમજ શહેરી વિસ્તારોમાં વધતી વસ્તીની સુખાકારી માટે અને સિવિલ હોસ્પિટલ અમદાવાદ તેમજ સિવિલ હોસ્પિટલ સુરત ઉપર આવનાર સમયમાં દર્દીઓનુ ભારણ ઘટાડવા માટે તથા તેજીથી વિકાસ પામતા ઔદ્યોગિક ક્ષેત્રોના લોકોને પણ નજીકના સ્થળે આરોગ્ય સેવાઓ મળે તે હેતુથી ભવિષ્યની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા અમદાવાદ જિલ્લામાં બાવળા નજીક અને સુરત જિલ્લામાં કામરેજ ખાતે જીલ્લા હોસ્પિટલ બનાવવાનું નક્કી કરેલ છે.

- આથી, અમદાવાદ જિલ્લાના બાવળા નજીક તથા સુરત જિલ્લાના કામરેજ ખાતે જીલ્લા હોસ્પિટલ બનાવવા માટે અંદાજપત્રમાં રૂ.૧૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

- રાજ્યના ઉત્તર ઝોન માં ૮, મધ્ય ઝોનમાં ૬, દક્ષિણ ઝોનમાં ૪, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૬, અને કચ્છ ઝોનમાં ૧ એમ  કુલ ૩૫ જિલ્લા તેમજ પેટા જિલ્લા હોસ્પિટલ ખાતે ટ્રોમા કેર સેન્ટરની સુવિધાઓને સુદ્રઢ કરવા માટે સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કુલ રૂ.૨૨.૫૯ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

| ઉત્તર ઝોન | મધ્ય ઝોન | દક્ષિણ ઝોન | સૌરાષ્ટ્ર ઝોન | કચ્છ ઝોન |
|---|---|---|---|---|
| માણસા | ખેડા | બીલીમોરા | જસદણ | રાપર (ટ્રોમા) |
| ડીસા | પેટલાદ | માંડવી-સુરત | જેતપુર | |
| ઉંઝા | ડાકોર | ચીખલી | મોરબી (આંખની) | |
| વિસનગર | લુણાવાડા | વાંસદા | ઉપલેટા | |
| થરાદ | સંતરામપુર | | પાલીતાણા | |
| સિધ્ધપુર | તારાપુર (ટ્રોમા) | | લીમ્બડી | |
| અંબાજી | | | પી.કે.રાજકોટ | |
| કડી | | | કેશોદ | |
| | | | ધોરાજી | |
| | | | મહુવા (ટ્રોમા) | |
| | | | ગોંડલ | |
| | | | હળવદ | |
| | | | દ્વારકા (ટ્રોમા) | |
| | | | રાજુલા (ટ્રોમા) | |
| | | | ધ્રોલ (ટ્રોમા) | |
| | | | ચોટિલા (ટ્રોમા) | |

- રાજ્યના આદિજાતિ વિસ્તાર હેઠળના ૦૬ જિલ્લાઓમાં નવા વેક્સીન સ્ટોર બનાવવામાં આવશે. (૧) દાહોદ (૨) અરવલ્લી, (૩) તાપી , (૪) નવસારી, (૫) ડાંગ (૬) સુરત.

- તદુપરાંત રાજ્યમાં નવા સ્ટેટ વેક્સીન સ્ટોર બનાવવામાં આવશે.
- **રાજ્યમાં પી.એચ.સી. અને સી.એચ.સી, ગ્રામ્ય સ્તરે વર્ષ 2023 માં થયેલ કામગીરી**

| ક્રમ | સેવાઓ | આંકડા |
|---|---|---|
| 1 | ઓ.પી.ડી | ૨,૨૨,૫૬,૪૯૯ |
| 2 | આઈ.પી. ડી | ૧૭,૦૨,૬૭૫ |
| 3 | પ્રસૂતિ | ૨,૧૭,૫૨૪ |

## તબીબી શિક્ષણ:

- રાજ્યના છેવાડાના નાગરિકને પણ ઉચ્ચ કક્ષાની સંભાળ મળી રહે તે માટે દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવા માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન ગુજરાત સાકાર કરી રહ્યું છે.

| મેડિકલ કૉલેજ | વર્ષ 2001 | વર્ષ 2023 |
|---|---|---|
| | 09 | 40 |
| મેડિકલ બેઠક | વર્ષ 2001 | વર્ષ 2023 |
| (UG) | 1125 | 7050 |
| (PG) | | 2761 |
| ડેન્ટલ કૉલેજ | 04 | 13 |
| ડેન્ટલ બેઠક | 280 | 1340 |
| ફીઝીઓથેરાપી કોલેજ | 08 | 78 |
| ફીઝીયોથેરાપી બેઠક | 240 | 4900 |

- વર્ષ 2009 માં ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી (GMERS) ની સ્થાપના કરવામાં આવી.

## AIIMS- રાજકોટ

**રૂ. 1195 કરોડના ખર્ચે નિર્મિત વિશ્વસ્તરીય ઇન્ફ્રાસ્ટ્રકચર અને મેડિકલ ઉપકરણો સાથે સજ્જ AIIMS- રાજકોટનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે બે દિવસ પહેલા જ લોકાર્પણ કરીને સમગ્ર ગુજરાતની જનતાને સમર્પિત કરાઇ**

- 720 બેડની સુપર સ્પેશ્યાલિટી ધરાવતી આ હોસ્પિટલમાં આઇ.સી.યુ, સાથે 23 અદ્યતન ઓપરેશન થિયેટર ની સુવિધા
- 250 બેડમાં હાલ ઇન્ડોર ટ્રીટમેન્ટ શરૂ.
- 30 બેડની આયુષ બ્લોક
- એમ.બી.બી.એસ. ની 50 બેઠકો માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત તબીબી શિક્ષણ
- મોડ્યુલર ઓપરેશન થિયેટર, ઓર્થોપેડિક, જનરલ સર્જરી, ઓબ્સ્ટ્રક્ટ અને ગાયનેકોલોજી, ઇ.એન.ટી., ઓપ્થેલ્મોલોજી અને ડેન્ટલ સહિતની સુપરસ્પેશ્યલ સેવાઓ

## આરોગ્ય માળખાકીય સુવિધાઓ –નવીન બાબતો

- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના સામાન્ય ૨૯ C.H.C.ખાતે એમ્બ્યુલન્સની સુવિધા પૂરી પાડવા માટે (સંચાલન 108 ઇ.એમ.આઇ.આર., જી.એચ.એસ. દ્વારા) રૂ.૬ કરોડ 38 લાખની જોગવાઇ કરાઇ છે.
- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના સામાન્ય વિસ્તારમાં ૧૫૫ જુના જર્જરીત, નવા મંજુર/ સ્થળફેર થયેલ પેટા કેન્દ્રોના મકાનોના નવિન બાંધકામ મંજુર કરવા માટે (પી.આઇ.યુ. દ્વારા આખરી કરેલ) રૂ.૬૯૭૫.00 લાખની જોગવાઇ

- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના સામાન્ય વિસ્તારમાં ૦૯ જુના જર્જરીત, નવા મંજુર/સ્થળફેર થયેલ પ્રા.આ.કેન્દ્રોના મકાનોના નવિન બાંધકામ મંજુર કરવા માટે (પી.આઇ.યુ. દ્વારા આખરી કરેલ) રૂ.૧૮૦૦ લાખની જોગવાઇ

- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના સામાન્ય વિસ્તારમાં સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૩૫ એક્ષ-રે મશીન પુરા પાડવા માટે રૂ.૪૨૦.૦૦ લાખની જોગવાઇ

- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના સામાન્ય વિસ્તારમાં સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૭ સોનોગ્રાફી  મશીન પુરા પાડવા માટે રૂ.૩૪૦.૦૦ લાખની જોગવાઇ

- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના સામાન્ય વિસ્તારના સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ખુટતી સાધન સામગ્રી પુરી પાડવા માટે રૂ.૪૨૧.૨૭ લાખની જોગવાઇ

- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના સામાન્ય વિસ્તારના ૩ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે NICU (નવજાત સઘન સંભાળ એકમ)ના બાંધકામ, સાધન સામગ્રી અને મહેકમ મંજુર કરવા માટે રૂ.૫૨૭.૧૮ લાખની જોગવાઇ

- વર્ષ ૨૦૨૪-૨૫માં જાહેર જનતાના લાભાર્થે વિનામુલ્યે સરકારી ટેસ્ટની યોજના માટે રૂ.૨૧૦૦.૦૦ લાખની જોગવાઇ

- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના આદિજાતી વિસ્તારના ૫૦ મોબાઇલ દ્વિચક્રી બાઇક માટે માનવબળ તથા સંચાલન પુરૂ પાડવા માટે રૂ.૧૮૦.૦૦ લાખની જોગવાઇ

- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના આદિજાતી વિસ્તારના ૧૫ સા.આ.કેન્દ્રો ખાતે એમ્બ્યુલન્સની સુવિધા પૂરી પાડવા માટે રૂ.૩૩૦.૦૦ લાખની જોગવાઇ

- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના આદિજાતી વિસ્તારના ૩૩ જુના જર્જરીત, નવા મંજુર/સ્થળફેર થયેલ પેટા કેન્દ્રોના મકાનોના નવિન બાંધકામ મંજુર કરવા (પી.આઇ.યુ. દ્વારા આખરી કરેલ) માટે રૂ.૧૪૮૫.૦૦ લાખની જોગવાઇ
- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના આદિજાતી વિસ્તારના સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૮ એક્ષ-રે મશીન પુરા પાડવા માટે રૂ.૨૧૬.૦૦ લાખની જોગવાઇ

- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના આદિજાતી વિસ્તારના ૧ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે NICU (નવજાત સઘન સંભાળ એકમ)ના બાંધકામ, સાધન સામગ્રી તથા મહેકમ મંજુર કરવા માટે રૂ.૧૭૮.૦૦ લાખની જોગવાઇ

## આયુષ્માન આરોગ્ય મંદિર

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી એ કહ્યું કે:

"આપણે આરોગ્ય પ્રણાલીના વિકાસ માટે સર્વગ્રાહી અભિગમનો સ્વીકાર કર્યો છે. આજે આપણું ધ્યાન ફકત આરોગ્ય નહીં પરંતુ દરેક નાગરિકની સુખાકારી સુનિશ્ચિત કરવા પરત્વે કેન્દ્રિત છે."

**आरोगयं परमं धनम्** ના સૂત્ર સાથે દેશના તમામ હેલ્થ અને વેલનેસ સેંટરને આયુષમાન આરોગ્ય મંદિર તરીકે નામાંકિત કરવામાં આવ્યા છે.

જેમ મહાત્મા ગાંધી એ કહ્યું કે "**સાચી મૂડી એ સોના ચાંદીના ટુકડા નથી પણ સારું સ્વાસ્થ્ય છે**"

પણ સારું સ્વાસ્થ્ય કોને કહી શકાય તેના માટે વિશ્વ આરોગ્ય સંસ્થાએ આરોગ્યને વ્યાખ્યાયિત કર્યું છે કે "**ફકત નિરોગી હોવું તે સારા સ્વાસ્થ્યની નિશાની નથી પરંતુ શારીરિક, માનસિક અને સામાજિક રીતે સકારત્મક અભિગમ ધરાવી જીવનને માણવું તે જ આરોગ્ય છે**" અને એ જ આપણી સાચી મૂડી પણ છે.

આ કેન્દ્રો નિદાન અને સારવારની આરોગ્ય વિષયક સેવાઓની સાથે રોગચાળાના ફેલાવાની અટકાયત, આરોગ્ય વિષયક જાગૃતતા કેળવવી તેમજ રિહેબીટેશન જેવી સુવિધાઓ આપી સર્વાંગી સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડે છે આ સાથે આયુષ અને યોગની સેવાઓ પણ આ કેન્દ્રોના અભિન્ન અંગ છે.

**આરોગ્ય અને સુખાકારીનો આ સુભગ સમન્વય જે છેવાડાના માનવી સુધી આ સુવિધાઓને પહોંચાડે છે એવા આ કેન્દ્રોનું આયુષમાન આરોગ્ય મંદિર તરીકેનું નામકરણ સાર્થક છે.**

- **એપ્રિલ ૨૦૧૮ થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં સમગ્ર ભારતમાં ૧.૫૭ લાખ આયુષ્માન આરોગ્ય મંદિર શરૂ કરવામાં આવેલ છે.**

- આયુષ્માન ભારત અંતર્ગત તમામ પ્રાથમિક અને પેટા આરોગ્ય કેન્દ્રોને **આયુષમાન આરોગ્ય મંદિર** (હેલ્થ અને વેલનેસ સેન્ટર) તરીકે અપગ્રેડ કરવાનું આયોજન છે. ગુજરાત રાજયમાં તા. ૧૪ /૦૨ /૨૦૨૪ સ્થિતિએ –

- ૭૭૫૩ પેટાઆરોગ્ય કેન્દ્ર પૈકી ૭૫૪૯ (૯૭%)
- ૧૪૭૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પૈકી ૧૪૭૩ (૧૦૦%)
- ૩૭૬ અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પૈકી ૩૯૭ (૧૦૦%)
- ૭૬૦ અર્બન આયુષ્માન આરોગ્ય મંદિર કેંન્દ્ર પૈકી ૫૦૧ (૬૬%)

આમ કુલ ૧૦,૩૬૦ આયુષ્માન આરોગ્ય મંદિરના લક્ષ્યાંક સામે ૯,૯૨૦ (૯૫%) આયુષ્માન આરોગ્ય મંદિર કાર્યરત થયેલ છે

- આયુષ્માન આરોગ્ય મંદિર કાર્યરત કરતા પહેલા પેટા આરોગ્ય કેન્દ્ર ઉપર ૨-૩ લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવતા હતા. આયુષ્માન આરોગ્ય મંદિર થયા પછી નાગરિકને પેટા આરોગ્ય કેન્દ્ર – આયુષ્માન આરોગ્ય મંદિર પર વિના મૂલ્યે સારવાર તથા ૦૭ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ થાય છે.

- **ભવિષ્યમા ૧૫મા નાણાપંચ અન્વયે ૧૪ લેબોરેટરી ટેસ્ટ કરવામા આવનાર છે તેમજ હાલ ૯૧ આવશ્યક દવાઓ આપવામા આવે છે જે વધારી ૧૦૫ પ્રકારની આવશ્યક દવાઓ આપવામા આવશે.**
- **આયુષ્માન આરોગ્ય મંદિર કાર્યરત થયા પછી નાગરિકને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર – આયુષ્માન આરોગ્ય મંદિર પર વિના મૂલ્યે સારવાર તથા ૧૪ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ થાય છે.**
- **ભવિષ્યમા ૧૫ માં નાણાપંચ અન્વયે ૬૩ લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવનાર છે તેમજ ૧૯૦ આવશ્યક દવાઓ આપવામા આવે છે જે વધારી ૨૧૫ પ્રકારની આવશ્યક દવાઓ આપવામા આવશે.**

આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે ૧૨ પ્રકારની આરોગ્ય સેવાઓ આપવામા આવે છે ;

1. ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ.
2. નવજાત બાળક અને શિશુઓની આરોગ્ય - સંભાળ સેવાઓ.
3. બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની આરોગ્ય - સંભાળ સેવાઓ.
4. કુટુંબનિયોજન, ગર્ભ નિરોધક સેવાઓ અને અન્ય પ્રજનનતંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ.
5. નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવાર અંગેનું વ્યવસ્થાપન
6. સામાન્યતઃ જોવા મળતા ચેપી રોગો, તીવ રોગો અને સામાન્ય બીમારીઓની ઓ.પી.ડી. સારવારનું વ્યવસ્થાપન.
7. બિનચેપી રોગોની તપાસ, અટકાવ અને વ્યવસ્થાપન.
8. સામાન્યતઃ જોવા મળતી આંખની બિમારીઓ અને કાન, નાક, ગળાની સમસ્યા
9. મોઢાના આરોગ્યની સામાન્ય સારવાર
10. વૃદ્ધત્વ તેમજ દર્દશામક સારવાર સેવાઓ
11. ઇમર્જન્સી તબીબી સેવાઓ.
12. માનસિક બીમારીઓની તપાસ અને સામાન્ય વ્યવસ્થાપન.

## ગુજરાતની છેલ્લા બે દાયકાની મહત્વની આરોગ્ય સિદ્ધિઓ:

- રાજ્યના આરોગ્ય વિભાગના બજેટ કે જે વર્ષ ૨૦૦૧-૦૨ માં રૂ. ૯૭૨ કરોડ જેટલું હતુ. એટલે કે કુલ બજેટના ૨.૬ ટકા જેટલું હતુ.
- વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાજ્યના આરોગ્ય બજેટમાં રૂ. ૨૦,૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે રાજ્યના કુલ બજેટના અંદાજે ૬.૭૧ ટકા જેટલું છે. રાજ્યના કુલ બજેટ સામે આરોગ્ય બજેટનો હિસ્સો વર્ષ ૨૦૦૧-૦૨ની સરખામણીએ લગભગ ત્રણ ગણો વધ્યો છે.
- ગુજરાતે ૨૦૨૦-૨૧માં NITI આયોગના SDG – ઈન્ડિયા ઈન્ડેક્સના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ-૩ (સારા સ્વાસ્થ્ય અને સુખાકારી)માં આરોગ્યને લગતા સૂચકાંકોમાં સતત સુધારો કરી દેશના મોટા રાજયોમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.
- સરેરાશ આયુષ્ય 2001 માં 65.7 વર્ષ હતું તે વધીને 2021માં 70.4 વર્ષ થયું. ગુજરાતની પ્રજાના સરેરાશ આયુષ્યમાં પાંચ વર્ષ નો વધારો.
- ઉપરોક્ત બંને સૂચકઆંકો યુનાઈટેડ નેશન્સના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) મુજબ ૨૦૩૦ સુધી હાંસલ કરવાંનું લક્ષ્ય છે. જે ગુજરાતે વહેલો હાંસલ કરી લીધો છે.

## છેલ્લા 20 વર્ષમાં આરોગ્ય સૂચકાંકોમાં સુધારો:

આ સાથે ગુજરાતે મુખ્ય આરોગ્ય સૂચકાંકો માટે પ્રશંશનીય પરિણામો હાંસલ કર્યા છે અને આરોગ્ય સેવાઓની સુલભતામાં સુધારો કરી તેના થકી લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો કર્યો છે.

રાજ્યનો માતામૃત્યુ દર વર્ષ 2018-20 ના રિપોર્ટ મુજબ 57 થયો છે જે વર્ષ 2001 માં 172 હતો.

આ સાથે બાળ મૃત્યુ દર (IMR) વર્ષ ૨૦૦૧માં ૬૦ હતો જે ઘટીને વર્ષ ૨૦૨૦માં ૨૩ થયો છે.

- સંસ્થાકીય જન્મો 54.6% થી વધીને પ્રભાવશાળી 94.3% થઈ ગયો છે, જે બાળજન્મ માટે આરોગ્યસંભાળ સુવિધાઓની વિસ્તૃત ઍક્સેસ દર્શાવે છે. (NFHS-3 અને NFHS5)

- તેમના છેલ્લા જન્મ માટે ઓછામાં ઓછી 3 પ્રસૂતિ પહેલાની સંભાળની મુલાકાતો મેળવતી માતાઓ 64.9% થી વધીને 82.4% થઈ ગઈ છે, (NFHS-5 મુજબ 4 ANC) પ્રસૂતિ પહેલાની સંભાળ સેવાઓમાં વધારો અને જાગૃતિ દર્શાવે છે. (NFHS-3 અને NFHS-5)

- એનિમિયા ધરાવતી 15-49 વર્ષની સગર્ભા સ્ત્રીઓ 60.8% થી ઘટીને 55.6% થઈ ગઈ છે, જે બહેતર પોષણ સહાય અને આરોગ્યસંભાળ દરમિયાનગીરી દર્શાવે છે. (NFHS-3 અને NFHS-5)

- બાળકોનું રસીકરણ કવરેજ 45.2% થી વધીને 85% થઈ ગયું છે, જે વિસ્તૃત રસીકરણ કાર્યક્રમો અને સુધારેલ આરોગ્યસંભાળ દર્શાવે છે. (NFHS-3 અને NFHS-5)

- સ્તનપાન કરાવવામાં 0-5 મહિનાના બાળકોની ટકાવારી 47.8% થી વધીને 70.3% થઈ છે.(NFHS-3 અને NFHS-5)

- **5 વર્ષથી ઓછી ઉંમરના ઓછા વજનવાળા બાળકો 41.4% થી ઘટીને 33.3% થઈ ગયા, જે બાળકો માટે સુધારેલ પોષણ અને આરોગ્ય સંભાળ દર્શાવે છે. (NHHS-3 અને NFHS-5)**

- લક્ષ્યાંક સામે ટીબી સૂચના દર 100% થી વધીને 106% થયો. આ સુધારેલ શોધ અને રિપોર્ટિંગ સિસ્ટમ્સ સૂચવે છે.

- ટીબીની સારવારમાં સફળતાનો દર નોંધપાત્ર રીતે 81% થી વધીને 90% થયો છે. આ સુધારેલ આરોગ્યસંભાળ સેવાઓ તરફ નિર્દેશ કરે છે.

# કુપોષણને હરાવવા તૈયાર છે સરકાર

# બસ જોઇએ છે , સમાજના દરેક વર્ગનો સહકાર

માનનીય અધ્યક્ષશ્રી,

- કુપોષણનો વિષય એક સામાજીક પડકાર છે. જેમાં સમાજના દરેક વર્ગએ , સમુદાય એ , જન પ્રતિનિધિએ એકજૂટ થવું પડશે.
- રાજ્યને કુપોષણ મુક્ત બનાવવા સૌના સહિયારા પ્રયાસોની જરૂર છે.
- ફક્ત મેડિકલ ટ્રીટમેન્ટ કે પોષણયુક્ત આહાર થી આ પડકાર પર કાબુ મેળવી શકાશે નહીં.
- રાજ્યનો આરોગ્ય અને મહિલા, બાળ કલ્યાણ વિભાગ સાથે સમગ્ર સરકાર આ વિષય ને સામાજીક પડકારને ખુબ જ ગંભીરતાથી લઇને આને ડામવા ,રાજ્યને કુપોષણ મુક્ત બનાવવા દિવસ- રાત પ્રયત્ન કરી રહી છે.
- હવે અહીં બેસેલા દરેક સભ્ય અને સમાજના દરેક વર્ગ એ આ પડકારને ઝીલી લઇ,આપણા ઘર-પરિવારમાં આપણા મહોલ્લામાં, શેરીમાં, ગામમાં કોઇપણ કુપોષિત બાળક કે મહિલા દેખાય તો તેના સુપોષણની જવાબદારી પોતાના શીરે ઉપાડવી પડશે.
- રાજ્યને કુપોષણ મુક્ત બનાવવા જનજાગૃતિ ના જન આંદોલનનો પણ બહુ મોટો ફાળો છે.
- રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતુ પોષણયુક્ત ફુડ, ફોલિક એસિડની ટેબ્લેટ સહિતની જાણકારી પણ જો આ પ્રકારના લોકો સુધી સમયસર પહોંચાડવામાં આવે તેનું ફોલોઅપ કરવામાં આવે તો ચોક્કસ થી આ પડકાર પર જીત મેળવી શકાય છે.
- રાજ્યમાં હાલ માતા મૃત્યુદર ૧ લાખ જીવીત જન્મે ૫૭ છે, જે ધ્યાને લેતાં દર વર્ષે અંદાજિત ૭૦૦ સગર્ભા માતાઓનાં મૃત્યુ થાય છે.

➢ માતા અને બાળકોના આરોગ્ય પરત્વે સંવેદનશીલ નિર્ણય લઇ **નમોશ્રી યોજના અને હાઇ રિસ્ક (અતિ જોખમી માતા) માતાની પ્રસૂતિ મેડિકલ કોલેજ હોસ્પિટલ અને ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં થાય તે સુનિશ્ચિત કરવા માટે યોજના ઘડવામાં આવેલ છે.**

## નમોશ્રી યોજના

નમો શ્રી યોજના અંતર્ગત સગર્ભા બહેનોને પુરતુ પોષણ મળે અને માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદર ઘટાડવા, સંસ્થાકીય પ્રસુતિ પ્રોત્સાહન માટે યોજનામાં ભારત સરકારે નક્કી કર્યા મુજબની ૧૧ કેટેગરીમાં એટલે કે, SC, ST અને BPL કાર્ડ ધારક, NFSA કાર્ડ હોલ્ડર, PMJAYના લાભાર્થી, દિવ્યાંગતા ધરાવતા બહેનો, વિગેરે સરકારી અથવા ખાનગી બન્ને જગ્યાએ સંસ્થાકીય પ્રસુતિ કરાવે તો હાલમાં અમલી

રાજ્ય સરકારની કસ્તુરબા પોષણ સહાય યોજના (KPSY)ની સહાય કુલ રૂ! ૬000/- થી વધારીને રૂ! ૧૨000/- ની સહાય તબક્કા વાર આપવામાં આવશે. આ યોજના દ્વારા રાજ્યની અંદાજિત છ લાખ સગર્ભા બહેનોને લાભ મળશે.

અતિ જોખમી સગર્ભા માતાઓને મેડીકલ કોલેજ હોસ્પિટલ અને જિલ્લા હોસ્પિટલ ખાતે પ્રસુતિ પહેલા દાખલ અને પ્રસુતિ બાદ ૭ દિવસનું રોકાણ અન્વયે રૂ.૧૫000/- અને આશાને લાભાર્થી દીઠ રૂ.3000/-પ્રોત્સાહક રકમ આપવાની યોજના છે.

રાજ્યમાં હાલ દર વર્ષે અંદાજિત ૮ લાખ ડિલીવરી ખાનગી આરોગ્ય સંસ્થા અને ૪ લાખ જાહેર આરોગ્ય સંસ્થા ખાતે થાય છે. કુલ ૧૨ લાખ ડિલીવરીમાં અંદાજિત ૧.૫ લાખ સગર્ભા માતા હાઇ રીકસ હોય છે અને અંદાજિત 30000 સગર્ભા માતાઓ અત્યંત હાઇ રીકસ કેટેગરી હોય છે.

હાઇરીસ્ક પ્રેગન્નસી માં આ પ્રકારની તકલીફો જોવા મળે છે.

(૧) હિમોગ્લોબીન ૬.૫ ગ્રામ કે તેથી ઓછું હોય

(૨) લોહીનું દબાણ ૧૮૦/૧૧૦ mm of Hg કે તેથી વધુ (૩ વખતે) હોય અને પગે સોજા આવવા અને પેશાબની તપાસ માં પ્રોટીન (પ્રોટીનયુરીયા) આવવુ,

(૩) Body Mass Index ૧૭ કરતા ઓછો હોય,

(૪) Placenta Previa,

(૫) સીકલ સેલ એનીમીયા, થેલેસેમીયા, હિમોફીલીયા જેવા રોગો,

(૬) બે કરતા વધુ ફીટસ વાળી સગર્ભાવસ્થા હોય.

અત્યંત હાઇ રીકસ સગર્ભા માતાઓને સબ સેન્ટર/પ્રા.આ.કે./સા.આ.કે. ખાતે ડિલીવરી સમયે થતાં કોમ્પીકેશનનાં લીધે બ્લડ ઉપલબ્ધ ન હોવાને કારણે તેમજ અન્ય સંજોગોમાં મેડીકલ કોલેજ/જિલ્લા હોસ્પિટલ ખાતે રીફર કરવા પડે છે. અને તાત્કાલિક સ્પેશ્યાલીટી સારવાર માટે વિલંબ થયા છે. આવી પરિસ્થિતિ દૂર કરવા અને સમયસર સારવારને ધ્યાને લઇ અત્યંત હાઇ રીકસ સગર્ભા માતાને અગાઉથી મેડીકલ કોલેજ હોસ્પિટલ/જિલ્લા હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવે તો (રેફરલ) ટ્રાન્સપોર્ટેશનો સમય બચાવી શકાય અને સગર્ભા માતાને સંભવિત કોમ્પ્લીકેશનમાં જતાં અટકાવી શકાય.

રાજ્યમાં થતાં કુલ બાળ મૃત્યુ પૈકી ૪૦ % થી વધુ મૃત્યુ બાળકનાં જન્મ બાદ ૭ દિવસમાં થતાં હોય છે. સગર્ભા માતાનાં જરૂરી ૭ દિવસ હોસ્પિટલ ખાતે રોકાણ કરવાથી માતા મૃત્યુ અને બાળ મૃત્યુમાં ડ્રાસ્ટીક (દેખીતો) ઘટાડો શકય છે.

રાજ્યમાં માતા મૃત્યુ દરમાં ઉત્તરોત્તર દર વર્ષે સુધારો થઇ રહેલ છે. જેમાં ઝડપી ઘટાડો કરવા માટે દોઢ લાખ જોખમી ચિહ્નો ધરાવતી સગર્ભા માતા પૈકી ૩૦૦૦૦ અત્યંત હાઇ રીકસ સગર્ભા માતાઓ માટે વધારાનું ઇન્સેન્ટીવ કરવામાં આવે અને દરેક સર્ગભામાતાનું સઘન મોનીટરીંગ કરવાથી માતા મૃત્યુના ૭૦% કિસ્સાઓમાં મૃત્યુનું પ્રમાણ ટૂંક સમયમાં ૯૦ % સુધી ઘટાડી શકાશે.

## **સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓ :**

રાજ્યમાં દર્દીઓની સારવાર માટે **સરકારી 60,000 બેડ ઉપલબ્ધ છે જે વર્ષ 2000ની સરખામણીએ ચાર ગણા વધુ છે.**

## **મેડિસિટી**

- સિવિલ મેડિસીટીની તર્જ પર મધ્યગુજરાતમાં વડોદરા, દક્ષિણ ગુજરાતમાં સુરત, સૌરાષ્ટ્રમાં, જામનગર અને ભાવનગર ખાતે મેડિસીટીની સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં રાજ્ય સરકારે યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરી છે.

- અમદાવાદ સિવિલ મેડિસીટીમાં ઉપલબ્ધ કેન્સર, કિડની, હ્રદયરોગ, ડેન્ટલ, બાળરોગ, મહિલાઓ સંબંધિત રોગોની સુપર સ્પેશ્યલ ટ્રીટમેન્ટ ફક્ત ગુજરાતના દર્દીઓ માટે જ નહીં દેશના કોઇપણ રાજ્યમાંથી બીમારીના નિદાન અને સારવાર અર્થે ગુજરાતમાં આવતા દર્દીઓ  માટે આશીર્વાદરૂપ સાબિત થઇ રહી છે.

## **ડાયાલીસીસ સેવાઓ**

ગુજરાત સરકાર: ગરીબોના દુ:ખદર્દીનો દુ:ખભંજન

- ગુજરાત સરકાર, ગુજરાતના લોકોના સ્વાસ્થ્યને સુધારવા માટે સતત પ્રયત્નશીલ છે. આ દિશામાં, સરકારે અનેક મહત્વપૂર્ણ પહેલ કરી છે, જેમાં ગુજરાત ડાયાલિસીસ પ્રોગ્રામ (GDP) ખાસ ઉલ્લેખનીય છે.

- આદરણીય પ્રધાનમંત્રીશ્રીની આ પ્રોગ્રામ પ્રત્યેની લાગણી, આદરણીય મુખ્યમંત્રીશ્રીના સતત નેત્રુત્વ હેઠળ હાલની પરિસ્થિતિમાં ગુજરાત રાજ્યના 33 જિલ્લાઓમાં કુલ મળીને 272 અદ્યતન ડાયાલીસીસ કેન્દ્રો કાર્યરત છે .

- આ 272 ડાયાલીસીસ કેન્દ્રોમાં કુલ ૧,૨૯૭ મશીન કાર્યરત છે. જ્યાં દર મહિને અંદાજીત ૪૪,૦૦૦ ડાયાલીસીસ થાય છે.

- ડાયાલીસીસની આંતરરાષ્ટ્રીય ગાઈડ લાઈનને અનુસરી ગુણવત્તાસભર સેવા પુરી પાડવામાં રાજ્ય સરકાર દ્વારા સરકારી ધોરણે ચાલતા ડાયાલીસીસ પ્રોગ્રામમા ગુજરાત સરકાર ભારતભરમાં અગ્રેસર છે.

- ગુજરાત રાજ્યમાં હાલની પરિસ્થિતિએ ટ્રાયેબલ વિસ્તારના કુલ ૧૪ જિલ્લાઓ ખાતેના કુલ ૫૧ તાલુકાને આ સેવાઓ અંતર્ગત સાંકળી લેવામાં આવેલ છે. જેમાં કુલ મળી ૧૭૪ ડાયાલીસીસ મશીનની સુવિધાથી દર મહિને ૪૯૩ દર્દીઓને ૪,૫૦૦ જેટલી ડાયાલિસિસની સારવાર આપવામાં આવી રહેલ છે.
- **આ પ્રોગ્રામ ફક્ત ગુજરાતના દર્દીઓ માટે જ નહીં પરંતુ દેશના કોઈપણ રાજ્યમાંથી આવતા દર્દીઓ માટે પણ ઉપલબ્ધ છે.**
- કિડની હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ ખાતે આવેલ જુની કિડની હોસ્પિટલ 450 બેડ ધરાવતી હતી. હવે મંજુશ્રી મિલ કમ્પાઉન્ડ ખાતે આવેલ નવી કિડની હોસ્પિટલ 850 બેડની ક્ષમતા ધરાવતી અત્યાધુનિક તથા અદ્યતન સારવાર આપતી હોસ્પિટલ ઊભી કરવા માટે ગુજરાત સરકારશ્રી દ્વારા રૂ. 413.45 કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ છે.

## કેન્સર

- આજે, સિવિલ મેડિસિટી કેન્સર ઇન્સ્ટિટ્યુટ માત્ર ગુજરાત માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે એક મોડલ બની ગયું છે.
- પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓ ઉપરાંત, આ સરકારી હોસ્પિટલમાં રોબોટ દ્વારા રેડિયોથેરાપીની સારવાર પણ ઉપલબ્ધ છે. જે ક્યારેય શક્ય નહીં લાગે તે ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની આપણી સરકારે શક્ય બનાવ્યું છે.
- આ સિદ્ધિઓ ગુજરાત માટે ગૌરવની વાત છે અને દેશના અન્ય રાજ્યો માટે પ્રેરણા બની રહી છે.

- ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ, ગુજરાત સરકાર આરોગ્ય ક્ષેત્રે અનેક મહત્વપૂર્ણ પહેલ કરી રહી છે. સિવિલ મેડિસિટી કેન્સર ઇન્સ્ટિટ્યુટ આ પ્રગતિનું એક ઉત્તમ ઉદાહરણ છે. આ ઇન્સ્ટિટ્યુટ ગુજરાતના લોકોને કેન્સર સામેની લડાઈમાં મદદ કરવા માટે સમર્પિત છે.

- રાજ્યના તમામ 33 જિલ્લાઓમાં ઉપલબ્ધ ૩૫ કીમોથેરાપી કેન્દ્ર કાર્યરત છે. આ કેન્દ્રો નજીકના જિલ્લા અથવા સબ-જિલ્લા હોસ્પિટલમાં સ્થિત છે.

- આ ઉપરાંત રાજકોટ, સિદ્ધપુર અને ભાવનગર ખાતે 3 સેટેલાઇટ કેન્સર સેન્ટર ચલાવી રહ્યા છે
- GCRIમાં દર વર્ષે 5000 થી વધારે સર્જરી, 37000 થી વધારે કીમોથેરાપી, અને 5000થી વધારે રેડિયોથેરાપી આપવામાં આવે છે.
- આ ઉપરાંત દર વર્ષે 20 લાખ થી વધુ પેથોલોજીકલ પરીક્ષણો, ૧ લાખ થી વધુ રેડિયોલોજીની તપાસ અને 40-50 Bone Marrow Transplant કરવામાં કરવામાં આવે છે
- સાયબર નાઇફ જેવા મશીનથી સજ્જ આ સંસ્થા દ્વારા કેન્સરગ્રસ્ત દર્દીઓની સચોટ અને શ્રેષ્ઠ સારવાર થાય તેવા પ્રયાસો હાથ ધર્યા છે.
- આ ઉપરાંત જીસીઆરઆઇ (GCRI)માં દર વર્ષે ૨૦,૦૦૦થી વધારે નવાં દર્દીઓ નોંધાય છે. રોજના લગભગ ૧,૦૦૦થી વધારે દર્દીઓની ઓપીડી તથા ૪૫૦થી વધારે ઇન્ડોર દર્દીઓ રહે છે. સર્વગ્રાહી કેન્સર સારવાર આપવા ઉપરાંત, જીસીઆરઆઇએ કોમ્યુનિટી ઓન્કોલોજી વિભાગ હેઠળ કેન્સર સ્ક્રીનીંગ ઓપીડી શરૂ કરી છે. આ ઓપીડી શરૂ કરવાનો પ્રાથમિક ઉદ્દેશ્ય કેન્સર જાગૃતિ, કેન્સર સ્ક્રીનીંગ અને કેન્સરની વહેલી તપાસને પ્રોત્સાહન આપવાનો છે.

## પ્રોટોન થેરાપી – રૂ. 600 કરોડની મંજૂરી – નવીન બાબત

કેન્સરના દર્દીઓની સારવાર ફોટોન અને ઇલેક્ટ્રોનથી થઈ રહી છે. સારવાર દરમિયાન થતી આડઅસરોને ઓછી કરવા માટે પ્રોટોન થેરાપીનો વિકાસ ઝડપથી આગળ વધી રહ્યો છે.

પ્રોટોનનો ભૌતિક ગુણધર્મ એ છે કે એને જેટલી એનર્જી આપવામાં આવે છે એટલી એનર્જીના અંતરે જઈને પોતોનો ડોઝ પહોંચાડી શકશે. જેને કારણે દર્દીના કેન્સરના કણો કે ગાંઠની ઉપર સીધી રીતે ડોઝ પહોંચી શકશે અને રેડીએશનની અસર શરીરની આજુબાજુ પર થતી અટકાવી શકાશે.

## સરકારી હોસ્પિટલમાં આ પ્રકારની થેરાપી વિકસાવનારૂ ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય બનશે.

નીચે જણાવેલ બાબતોમાં પ્રોટોનની ઉપયોગીતા વધુ હોય છે.

- તમામ પ્રકારના કેન્સરની ગાંઠમાં અને ફરીથી થતા કેન્સરમાં, બાળકોમાં થતા કેન્સરમાં, આંખ તથા આંખની આજુબાજુની ગાંઠમાં
- મગજની ગાંઠ-મગજ તથા કરોડરજ્જુમાં આપવામાં આવતુ રેડિયેશન
- ફેફસાના કેન્સર, પેટમાં થતી ગાંઠો, સારકોમા અને માથાના, ગરદનના કેન્સર, સ્તનના કેન્સર, પ્રોસ્ટેટના કેન્સર માટે

જો કોઈ દર્દી ગુજરાતમાંથી  સારવાર લેવા માટે એપોલો પ્રોટોન સેન્ટર ચેન્નઈ ખાતે જાય તો અંદાજે રૂપિયા ૩૦ લાખ જેટલો ખર્ચ થવા પામે છે અને આ ગુજરાતના સરકારી ક્ષેત્રમાં આ સેવાનો ઉમેરો થતાં દર્દીઓના ખિસ્સા બહારના ખર્ચ (Out of Pocket Expenditure)માં ઘટાડો થશે.

## હૃદયરોગ

માનનીય અધ્યક્ષશ્રી,

- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દૂરંદેશીતાનું પરિણામ જોવું હોય તો સિવિલ મેડિસીટી થી વધુ સારૂ ઉદાહરણ આપને ક્યાંય જોવા મળે નહીં.
- તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જ તેમણે સિવિલ મેડિસીટી વિકસાવવાનું અને તેમા તમામ પ્રકારની આરોગ્ય વિષયક સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓ ઉપલબ્ધ કરાવવાનું સ્વપ્ન સેવ્યું હતુ. જે આજે પૂર્ણતાને આરે છે.
- પ્રવર્તમાન સમયમાં જ્યારે કેટલાક કિસ્સામાં યુવાનો અને બાળકોમાં હૃદયરોગ સંબંધિત સમસ્યાનું પ્રમાણ વધતુ જોવા મળ્યું છે ત્યારે વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ યુ.એન.મહેતા હોસ્પિટલમાં બાળહૃદયરોગ સંબંધિત સારવાર માટે અલાયદી હોસ્પિટલ કાર્યરત કરાઇ છે.
- વર્ષ ૧૯૯૨ માં ૩૬ પથરીઓ અને ૧ ઓપરેશન થીયેટર અને કાર્ડિયાક કેથલેબથી શરૂ થઈ હતી અને લગભગ ૩ દશકાઓ બાદ ૩૬ માંથી ૧૨૫૧ પથરીઓની અધ્યતન સુવિધાઓવાળી બનેલ છે.
- દેશમાં સૌથી મોટી સિંગલ સુપર સ્પેશિયાલિટી કાર્ડિયાક ટીચિંગ ઇન્સ્ટિટ્યૂટ ગુજરાત ખાતે ઉપલબ્ધ છે.
- યુ.એન.મહેતા હોસ્પિટલમાં ઉપલબ્ધ હૃદયરોગ સંબંધિત શ્રેષ્ઠ સેવાઓના પરિણામે યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર અને સર્જરી અર્થે આવતા કુલ દર્દીઓમાંથી ૮ થી ૧૦ ટકા દર્દીઓ અન્ય રાજ્યોમાંથી આવે છે. માત્ર પડોશી રાજ્યો જ નહીં પણ વિવિધ દેશના દર્દીઓ પણ આ સંસ્થાની સેવાઓનો લાભ મેળવે છે.

## સિવિલ હોસ્પિટલ અને ૧૨૦૦ બેડ મહિલા અને બાળરોગ હોસ્પિટલ

- આજે સિવિલની ૧૨૦૦ બેડ હોસ્પિટલ ફક્ત ગુજરાત જ નહીં પરંતુ દેશભરમાં તેની સેવા અને સારવારના કારણે પ્રચલિત બની છે.
- મૂળ મહિલા અને બાળરોગ તેમજ યુરોલોજી સંબંધિત રોગોની સારવાર માટેની આ હોસ્પિટલ આપણા રાજ્ય ઉપરાંત દેશ અને વિદેશના દર્દીઓની પણ આરોગ્ય સુખાકારીમાં વધારો કરી રહી છે.
- ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં બાળરોગ સર્જરી વિભાગ દ્વારા દર વર્ષે ફેબ્રુઆરી માસમાં વિદેશી તબીબો ના સંકલનથી વર્કશોપ રાખવામાં આવે છે.
- અહીં ગૃહમાં બેસેલા પ્રત્યેક સભ્ય સિવિલ હોસ્પિટલના તબીબોની કર્તવ્યનિષ્ઠા, નિપુણતાના સાક્ષી છે.
- આપણે પણ અવાર નવાર મીડિયાના માધ્યમથી અત્યંત જટીલસર્જરી, રેરેસ્ટ ઓફ ધી રેર સર્જરી, સ્પાઇન , ન્યુરો, ઓર્થોપેડિક, પ્લાસ્ટિક સર્જરી જેવી જટીલ કહી શકાય તે પ્રકારની સર્જરી સિવિલ હોસ્પિટલના તબીબો દ્વારા સુપેરે પાર પાડવાની સક્સેસ સ્ટોરી વાંચીએ જ છીએ.

સિવિલ મેડિસીટીમાં ઓ.પી.ડી./આઇ.પી.ડી. વિગતો , અન્ય રાજ્ય પણ

| ક્રમ | હોસ્પિટલ | કુલ દર્દીઓ | | અન્ય રાજ્યના દર્દીઓ | |
|---|---|---|---|---|---|
| | | ઓપીડી | આઈપીડી | ઓપીડી | આઈપીડી |
| ૧ | સિવિલ હોસ્પિટલ, અમદાવાદ | ૯,૫૧,૩૭૫ | ૧,૦૨,૪૪૭ | ૭૮,૫૮૮ | ૯,૩૯૬ |
| ૨ | યુ. એન. મહેતા, હાર્ટ એંડ કાર્ડિયોલોજી | ૩,૩૫,૧૨૪ | ૪૭,૨૩૦ | ૪૫,૨૧૬ | ૬,૪૨૯ |
| ૩ | ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ | ૨,૬૯,૫૮૬ | ૨૭,૧૫૯ | | |

## **હોસ્પિટલ પેશંટ કેર ઇંપ્રૂવમેન્ટ મિશન:(HPCIM)**

**માનનીય અદયક્ષશ્રી,**

**હવે, હોસ્પિટલ સાથે હોસ્પિટાલીટીનું ક્ષેત્ર પણ ઘણું મહત્વનું બની રહ્યું છે.દર્દી અને તેના સગા જ્યારે હોસ્પિટલમાં સારવાર અર્થે પહોંચે અને ત્યાં બેસેલા વ્યકિત તેને ફક્ત એમ કહે ને "મે આઈ હેલ્પ યું, જી કહો હું તમારી શું મદદ કરી શકું"**

**આ શબ્દો જ દર્દી અને તેમના સગાની અડધી હિમંત બાંધી દે છે**

○ આ મિશન અંતર્ગત દર્દીઓના હોસ્પિટલના અનુભવને સુવિધાજનક અને શ્રેષ્ઠ બનાવવાનું છે.

- દર્દીઓ અને તેમના સંબંધીઓ માટે સહાનુભૂતિપૂર્ણ વાતાવરણ બનાવવા માટે આરોગ્યસંભાળ પ્રણાલીને સુદ્રઢ કરવી
- સામાજિક વર્તણૂકમાં ફેરફાર માટે હોસ્પિટલના કર્મચારીઓ માટે અનુકૂળ કૌશલ્યવર્ધન
- નિષ્ણાત માટે સ્માર્ટ રેફરલ સિસ્ટમ અને રીઅલ-ટાઇમ ડેશબોર્ડનું અમલીકરણ દ્વારા નિષ્ણાતની ઉપલબ્ધતા, પથારીની ઉપલબ્ધતા અને ઓપીડીનો સમયની જાણકારી
- સરકારી હોસ્પિટલોમાં સમ્માનપૂર્ણ દર્દી-કેન્દ્રિત આરોગ્ય સેવાઓ આપવી
- ગુણવત્તાયુક્ત સંભાળ, ચેપ નિયંત્રણ પદ્ધતિઓ અને જાહેર આરોગ્ય સંસ્થાઓ ખાતે યોગ્ય રેફરલની ખાતરી કરવી

હાલ આ મિશન રાજ્યની 93 જાહેર આરોગ્યની સંસ્થામાં લાગુ કરવામાં આવેલ છે.

- ગવર્નમેંટ મેડિકલ કોલેજ હોસ્પિટલ : 6
- GMERS મેડિકલ કોલેજ હોસ્પિટલ: 13
- ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ: 16
- સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ: 58

# બિનચેપી રોગો/જીવનશૈલી આધારિત રોગો

સમગ્ર વિશ્વમાં બિનચેપી રોગો કે જેને આપણે જીવનશૈલી આધારિત રોગો તરીકે ઓળખીએ છીએ. આ રોગોમાં મોટે ભાગે ડાયાબિટીશ, હ્રદયરોગ, લકવો અને કેન્સર એ મુખ્ય છે.

**ભારતમાં બિનચેપી રોગોનું પ્રમાણ (એન.એફ.એચ.એસ. વર્ષ ૨૦૧૯નાં સર્વે મુજબ):**

- ડાયાબિટીશ રોગનું પ્રમાણ : ૧૫.૬% પુરુષ અને ૧૩.૫% સ્ત્રી
- હાયપર ટેન્શન રોગનું પ્રમાણ: ૨૪% પુરુષ અને ૨૧.૩% સ્ત્રી

**ગુજરાતમાં બિનચેપી રોગોનું પ્રમાણ (એન.એફ.એચ.એસ. વર્ષ ૨૦૧૯નાં સર્વે મુજબ):**

- ડાયાબિટીશ રોગનું પ્રમાણ: ૧૬.૯% પુરુષ અને ૧૫.૮% સ્ત્રી
- હાયપર ટેન્શન રોગનું પ્રમાણ: ૨૦.૩% પુરુષ અને ૨૦.૬% સ્ત્રી
- રાજ્યમાં એન.સી.ડી. સેલ અંતર્ગત વર્ષ ૨૦૧૨ થી તબક્કાવાર જીલ્લાઓમાં પ્રોગ્રામ અમલીકરણ કરેલ છે. હાલમાં સમગ્ર રાજ્યમાં ૩૦ વર્ષ કે તેથી ઉપરની વયનાં લોકોનું બિનચેપી રોગો જેવાં કે, ડાયબિટીશ, હાયપર ટેન્શન તથા કેન્સર(ઓરલ કેન્સર, બ્રેસ્ટ કેન્સર અને સર્વાઇકલ કેન્સર) ની સ્ક્રીનીંગ/તપાસ, સારવાર તથા ફોલોઅપ કામગીરી તદ્દન નિ:શુલ્ક કરવામાં આવી રહી છે. જેમાં અંતરિયાળ વિસ્તારો સુધી વિવિધ અભિયાન દ્વારા લાભાર્થીઓ સુધી આ સેવાઓને પહોંચાડવામાં આવી રહી છે.
- ભારત સરકારનાં આંકડા મુજબ આ માટે રાજ્યનાં તમામ જીલ્લા/કોર્પોરેશનો ખાતે એન.સી.ડી. અંતર્ગત રાજ્યના ૩૦ વર્ષથી કે તેથી ઉપરની વયના ૩.૭૦ કરોડ લોકો પૈકી ૨.૬૬ કરોડ જેટલા લોકોનું પ્રાથમિક સ્ક્રિનિંગ કરવામાં આવેલ છે.

## ચેપી રોગો:

ટીબી મુક્ત ભારત – ૨૦૨૫ અંતર્ગત ‘જન ભાગીદારી’ સુનિશ્ચિત કરવા રાજ્ય પ્રયત્નશીલ છે.

- ગ્લોબલ ટીબી રિપોર્ટ - ૨૦૨૩ અનુસાર વૈશ્વિક સ્તરે ટીબીના અંદાજીત ૭૫ (પંચોતેર) લાખ કેસોની નોંધણી થયેલ છે. જ્યારે ભારતમાં અંદાજીત ૨૭ (અઠ્યાવીસ) લાખ ટીબી ના કેસો નોધાયેલ છે.
- જેમાથી ગુજરાતમાં વર્ષ-૨૦૨૩માં ૧,૪૪,૪૩૭ ટીબીના દર્દીઓ શોધાયા છે. જેમા ભારત સરકારશ્રી દ્વારા આપવામા આવેલ લક્ષ્યાક સામે ૧૦૩% સિધ્ધી હાંસલ કરે છે.
- ટીબી નિર્મુલન કામગીરીને વેગ મળી રહે તે હેતુ થી માન.રાષ્ટ્રપતિશ્રી દ્વારા “પ્રધાનમંત્રી ટીબી મુકત ભારત અભિયાન” નામની નવીન પહેલ દ્વારા ટીબીના દર્દીઓને કોર્પોરેટ સેક્ટર,સ્વૈચ્છીક સંસ્થાઓ, ચુંટાયેલા જન-પ્રતિનિધીઓ,રાજકીય પાર્ટી, સંસ્થાઓ દ્વારા પોષણયુક્ત આહાર, વોકેશંલ સપોર્ટ, નિદાન અને અન્ય જરુરીયાત મળી રહે તેવુ આયોજન કરવા માટે જણાવેલ છે જે અંતર્ગત ગુજરાત રાજ્યમા ૯૧૧૫ નિક્ષય મિત્ર ની પોર્ટલમા નોંધણી કરવામા આવેલ તથા ૫૭,૩૮૭ સંમતિ આપેલ ટીબીના દર્દીઓને નિક્ષયમિત્ર દ્વારા દત્તક લેવામા આવ્યા છે અને ટીબીના દર્દીઓને ૨,૩૧,૧૦૩ (બે લાખ એકત્રીસ હજાર એકસો ત્રણ) પોષણ કીટ આપવામાં આવી છે, જેમા ગુજરાત રાજ્ય દેશના અન્ય રાજ્યો કરતા અગ્રેસર છે, હજુ પણ વધુ મા વધુ દર્દીઓને સહાય મળી રહે તે હેતુ માટે તમામ ગ્રુહના સભ્યોને પોતાના કાર્યક્ષેત્રમા ટીબીના દર્દીને દતક લઈ સહાય આપવા માટે મારી નમ્ર અપીલ છે.

## રેફેરલ સુવિધાઓનું માળખું:

### ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ

આજે ગુજરાતમાં શહેર હોય કે ગામડું, અંતરિયાળ વિસ્તાર હોય કે જંગલવિસ્તાર કોઇપણ વ્યક્તિને જ્યારે આકસ્મિક પરિસ્થિતીનો સામનો કરવાનો થાય,

માર્ગ અકસ્માત હોય કે, સર્ગભાને પ્રસુતિની પીડા દરેકના માનસપટલ પર મદદ માટે સૌથી પહેલું નામ યાદ આવે તો તે છે

"૧૦૮ એમ્બ્યુલન્સ સેવા"

### જીવનરક્ષક ૧૦૮ સેવાની સફળતાના ૧૬ વર્ષ પૂર્ણ થયા છે

- **રાજ્યના નાગરિકોની આરોગ્ય કાળજી માટે તત્પર રાજ્ય સરકારે ૧૦૮ની સેવાને વ્યાપક અને પરિણામલક્ષી બનાવી છે.**
- **૨૯ ઓગસ્ટ, ૨૦૦૭ થી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ** થયો ત્યારે ગુજરાત દેશમાં આવી સેવા શરૂ કરનાર **બીજું રાજ્ય** હતું.
- ૧ લી જાન્યુઆરી,**૨૦૦૮ માં ૫૩ જેટલી** ૧૦૮ એમ્બ્યુલન્સ હતી, આજે (૧૬) વર્ષ બાદ **૮૦૦ એમ્બ્યુલન્સ, ૨ બોટ એમ્બ્યુલન્સની** સેવાઓ રાજ્યના ૬.૫ કરોડ નાગરિકોની સેવામાં રાઉન્ડ ધ ક્લોક , દિવસ – રાત કાર્યરત છે.
- પ્રસૂતા માતા અને બાળ આરોગ્યની સંભાળ માટે રાજ્ય સરકાર દ્વારા ખિલખિલાટ સેવા હેઠળ ૪૧૪ જેટલા વાહનો દ્વારા ૧૭૦૪ જેટલી સરકારી હોસ્પિટલમાંથી પ્રસૂતિ બાદ માતા અને નવજાત બાળકને ઘરે પરત મુકવાની મફત સુવિધા પૂરી પાડવામાં આવે છે.
- ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા દરરોજ સરેરાશ ૩૭૦૦ થી ૪૦૦૦ જેટલા દર્દીઓને કટોકટીના સમયે હોસ્પિટલ સુધી પહોચાડવાની નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે.
- ૧૦૮ નંબર પર આવેલા **૯૯% જેટલા ફોન કોલને પ્રથમ બે રિંગમા જ પ્રતિસાદ** આપવામાં આવે છે જે આંતરરાષ્ટ્રીય સ્તર અને ધોરણ કરતાં પણ વધુ સારી ગુણવતા છે.

- આજે રાજ્યની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓનો સરેરાશ રિસ્પોન્સ ટાઈમ ૧૬:૧૨ મિનિટ જેટલો છે જયારે શહેરી વિસ્તારમાં ૧૧:૪૦ મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમ અને ગ્રામીણ વિસ્તારમાં ૧૯:૫૪ મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમ છે.

**પ્રતિ કલાકે ૧૫** મહામુલી માનવ જીંદગી બચાવવામાં આવે છે.

**આપણે આ ગૃહમાં આરોગ્ય વિભાગની અંદાજપત્રીય માંગણીઓ જે પ્રજા કલ્યાણ અને આરોગ્ય સુખાકારી માટે ઉપયોગમાં લેવામાં આવનાર છે તેના પર ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે આ બે થી ત્રણ કલાકમાં રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાએ કોઇ ખૂણે, કોઇ વિસ્તારમાં શહેરી કે ગ્રામ્ય ક્ષેત્રમાં** ૫૦ જેટલા લોકોને નવજીવન બક્ષી દીધુ હશે.

**અત્યાર સુધીમાં રાજ્યના ૧૪.૫૯ લાખથી વધુ વિકટ પરિસ્થિતીમાં મુકાયેલ મહામુલી માનવ જિંદગીઓનો બચાવ કરવામાં આવેલ છે.**

આ ગૃહમાં બેસેલા ધારાસભ્યશ્રીઓ, અધિકારીઓ, માડિયા મિત્રો સહિતના લોકોમાંથી પણ તેમના સ્વજનોએ આ સેવાનો ક્યારેક તો લાભ લીધો જ હશે.

૧૦૮ એમ્બુલન્સ દ્વારા ૫૩.૨૧ લાખ કરતાં વધારે પ્રસૂતા માતાને કટોકટીની સ્થિતીમા મદદ કરવામાં આવેલ છે.

## ખિલખિલાટ સેવાઓ

ખિલખિલાટ અંતર્ગત અત્યાર સુધીમાં ૨૨ લાખ પ્રસૂતા માતાઓ, ૮૨ લાખ પ્રસૂતામાતાની સેવાઓં અને ઓછા વજન સાથે ક્રિટીકલ હાલતમાં જન્મેલ નવજાત બાળકો, ૧ કરોડ જેટલા પ્રસૂતા માતા સાથે આવનાર સગાસંબંધીઓ એ સેવાઓનો લાભ મેળવેલ છે. આમ કુલ ૨ કરોડ જેટલા લાભાર્થીઓએ સેવા મેળવેલ છે.

## આરોગ્ય સંજીવની (મોબાઈલ હેલ્થ યુનીટ)

- રાજયની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લઇ ગાંમડાઓમાં ગ્રામજનોને પ્રાથમિક તબીબી સારવાર ઘર આંગણે મળી રહે તે હેતુથી ૧૪ ઓગસ્ટ ૨૦૧૪ થી તબક્કાવાર કુલ-૭૩ આરોગ્ય સંજીવની મોબાઇલ મેડીકલ યુનીટ કાર્યરત કરવામાં આવેલ છે.

- ગુજરાત સરકાર દ્વારા આરોગ્યની સેવાઓ છેવાડાનાં માનવી સુધી પહોંચે તે હેતુથી રાજ્યના વિવિધ અંતરિયાળ ગામોમાં, આદિવાસી વિસ્તારો, રણ વિસ્તારો અને અન્ય દુર્ગમ એવા વિસ્તારોના ગ્રામજનોને પ્રાથમિક તબીબી સારવાર ઘર આંગણે મળી રહે તે માટે જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લઈ મોબાઈલ હેલ્થ યુનિટ (MHU) સામાન્ય વિસ્તાર માટે અને મોબાઈલ મેડિકલ યુનિટ (MMU) આદિજાતિ વિસ્તારો માટે પીપીપી ધોરણે સંચાલન કરવામાં આવી રહેલ છે.

- મોબાઇલ મેડીકલ/હેલ્થ યુનીટ અને આરોગ્ય સંજીવની વાનમાં આરોગ્ય તપાસ જેવી કે લોહીની પ્રાથમીક તપાસ, મેલેરીયાની તપાસ, રકતપીત, ટીબીનું સેમ્પલ લેવાની સુવિધા, પ્રાથમીક લેબોરેટરી સુવિધાઓ અને આરોગ્ય સારવાર જેવી કે પ્રાથમીક કક્ષાની આરોગ્ય સારવાર તપાસ અને સર્ગભા માતાની આરોગ્ય તપાસ અને મમતા કલીનીક વગેરે લોકોપયોગી સેવાઓ નિશુલ્ક ઉપલબ્ધ કરવાવામાં આવે છે. આ સેવાઓ દ્વારા વિવિધ ગામોને ઘરઆંગણે મફત તબીબી સેવાઓ પૂરી પાડી સેવા હેઠળ આવરી લેવામાં આવેલ છે.
- આ સેવા હેઠળ કુલ ૧,૩૬,૧૯,૯૩૦ કરોડ (જાન્યુઆરી અંતિત) કરતાં વધારે છેવાડાના દુર્ગમ વિસ્તારોના ગામ લોકોએ લાભ લીધેલ છે.

## સ્માર્ટ રેફરલ સિસ્ટમ

- રાજ્યમાં હાલ ડિજિટલ ટેકનોલોજીના માધ્યમથી ગુણવત્તાયુક્ત પરિણામલક્ષી આરોગ્ય સેવાઓનું મોનિટરિંગ કરવામાં આવે છે. આરોગ્ય લક્ષી વિવિધ સેવાઓ પૈકી માતા અને બાળકોને અપાતી સેવાઓને વધુ સુદ્રઢ કરવાથી રાજ્યમાં માતા મરણ અને બાળ મરણ ઘટાડી શકાય છે.

- આ માટે ગંભીર પરિસ્થિતિમાં તાત્કાલિક સારવાર સમયસર અને ઉચ્ચકક્ષાની હોસ્પિટલોમાં મળી રહે તે ખૂબ જ જરૂરી છે, જે માટે સમયસર રેફરલ કરવાની પદ્ધતિ, તજજ્ઞની સેવાઓ, માનવબળ, એસએનસીયુ અને બ્લડની ઉપલબ્ધતા હોય તેવી હોસ્પિટલમાં જ દર્દીને મોકલવામાં આવે તે વ્યવસ્થા સુદ્રઢ કરવાની જરૂર હતી.

- આ વ્યવસ્થાને કાર્યાન્વિત કરવા માટે રાજ્યકક્ષાએ સ્માર્ટ રેફરલ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે.

- જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી માંડીને મેડિકલ કોલેજ સુધી તમામ હોસ્પિટલોને ટેક્નોલોજીના માધ્યમથી એકબીજા સાથે જોડી દેવામાં આવેલ છે.

- પ્રથમ તબક્કામાં આ સિસ્ટમ હેઠળ ટ્રોમા, પોઇઝનીંગ કેસ, માતા અને બાળ આરોગ્યની સેવાઓ આવરી લેવામાં આવેલ છે. ત્યારબાદ તબક્કાવાર અન્ય ઈમરજન્સી સેવાઓને પણ આવરી લેવામાં આવશે.

- ૧૦૮ એમ્બ્યુલન્સની અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી સરકારી હોસ્પિટલની તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સનું રાજ્યવ્યાપી સુગ્રથિત જોડાણ અને દર્દી રેફરલ માટે ઉપયોગ કરવામાં આવે છે.

- **રાજ્યની ૨૩૭૩ જેટલી સરકારી હોસ્પિટલોને સ્માર્ટ રેફરલ હેઠળ કાર્યાન્વિત કરેલ છે.**

## ખોરાક અને ઔષધ નિયમન તંત્ર:

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **ગુજરાત રાજય ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે સમગ્ર દેશમાં અગ્ર ક્રમાક ધરાવે છે. ફાર્માસ્યુટીકલ કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો અંદાજીત 33 ટકા જેટલો છે.**
- **અને નિકાસમાં આ 28 ટકા ફાળો છે.**
- **વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત થકી સમગ્ર દેશ ફાર્માસ્યુટીકલ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવા તરફ ડગ માંડવા જઇ રહ્યું છે.**
- **ગુજરાતમાં ભરૂચ જિલ્લાના દહેજ ખાતે બ્લક ડ્રગ પાર્ક નિર્માણ થવા જઇ રહ્યો છે.**
- **જેના પરિણામે દેશ વિદેશના ઘણા મોટા યુનિટો અહીં આવશે**
- આ પાર્કમાં આવનાર બલ્ક ડ્રગ ઇન્ડસ્ટ્રીને કોમન ફેસેલીટી જેવી કે, ઇ.ટી.પી. (ઇનફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ), વેરહાઉસ, સ્ટીમ સપ્લાય, સોલવન્ટ રીકવરી સીસ્ટમ, R&D ફેસેલીટી, ટેસ્ટીંગ ફેસેલીટી વગેરેનો લાભ મેળવી શકાશે.

## Medical Devices Park:

- ગુજરાતમાં મેડીકલ ડીવાઇસ ઇન્ડસ્ટ્રીના વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા નાગલપુર, રાજકોટ ખાતે મેડીકલ ડીવાઇસ પાર્ક ડેવલપ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.
- જી.આઇ.ડી.સી. દ્વારા કુલ 136 હેક્ટર વિસ્તારમાં ડેવલેપમેન્ટ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- મેડીકલ ડીવાઇસ પાર્કમાં મેડીકલ ડીવાઇસ ઇન્ડસ્ટ્રીને જુદી જુદી કોમન ફેસેલીટી આપવા અંગેનું પણ આયોજન છે, જેમ કે કોમ્પોનન્ટ ટેસ્ટીંગ સેન્ટર, થ્રીડી ડીઝાયનીંગ, ઇટીઓ તેમજ ગામા સ્ટરીલાયઝેશન, પ્લાસ્ટીક, મોલ્ડીંગ અને ટુલીંગ સેન્ટર એનીમલ લેબ અને ટોક્સીસીટી ટેસ્ટીંગ સેન્ટર વગેરે.

### સુરત ખાતેની ૨૬ કરોડની લેબ ટેસ્ટીંગ અંગેની વિસ્તૃત માહિતી:

- ખોરાક અને ઔષધના નમુનાઓના પૃથ્થકરણ માટે સુરત ખાતે નવી પ્યોગશાળા બનાવવાનુ આયોજન કરાયું છે.
- સુરત ખાતે ૨૫૦૦ ચો.મી. જગ્યામાં રૂ. 26 કરોડના ખર્ચે આ લેબ તૈયાર થશે. જે રાઉન્ડ ધ ક્લોક ચાલે તે માટે 34 જગ્યા પણ મંજૂર કરાઇ છે.
- દક્ષીણ ગુજરાતમાં વધુ એક પ્રયોગશાળા બનવાથી ખોરાક અને ઔષધના નમુનાઓની ચકાસણીની પ્રક્રિયા ઝડપી બનશે.

### વડોદરા ખાતે વર્ષ 2023માં લેબ ના નવિન બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવ્યું.

**આ લેબ માં** વાર્ષિક આશરે ઔષધના ૧૩,૦૦૦ તથા ખોરાકના ૧૨,૦૦૦ નમુનાઓનુ ટેસ્ટીંગ કરવામાં આવે છે.

નમુનાઓના ટેસ્ટીંગનો સમયગાળો ૧૮૦ દિવસથી ઘટાડીને ૩૦ દિવસ કરવાના લક્ષાંક સાથે નમુનાઓની ચકાસણી ઝડપથી થઇ શકે તે માટે આ પ્રયોગશાળામાં હાલમાં ત્રણ સીફટમાં કામગીરી કરવામાં આવે છે જેથી ઉપલબ્ધ સાધનોનો મહતમ ઉપયોગ કરી ટેસ્ટીંગનો સમયગાળો ઘટાડી શકાય.

આ પ્રયોગશાળા ખાતે ગુજરાત સરકારના જી.એમ.એસ.સીએલ. દ્વારા દરેક સરકારી હોસ્પિટલ તેમજ સી.એચ.સી. / પી.એચ.સી. સુધી સપ્લાય થતી દરેક દવાઓના નમુનાઓનુ ટેસ્ટીંગ કરવામાં આવે છે. જેથી જાહેર જનતાને ગુણવત્તા સભર દવાઓ મળી રહે.

## રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિખામી નિયંતણ કાર્યક્રમ:

- રાજ્યમાં મોતિયાના કારણે અંધ હોય તેવા દર્દીઓને પુન: દ્રષ્ટ્રી પ્રદાન કરવાના ધ્યેય સાથે માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૫મી ફેબ્રુઆરી - ૨૦૨૨ ના રોજ “મોતિયા અંધત્વ મુકત ગુજરાત ” ઝુંબેશનો શુભારંભ કરાવેલ છે. આ પ્રકારની ઝુંબેશ શરૂ કરનાર ગુજરાત રાજ્ય દેશનું પ્રથમ રાજ્ય બની રહેલ છે.

- રાજ્યમાં મોતિયાના ઓપરેશનની જરૂરીયાત ધરાવતા દરેક દર્દીઓને ફેકોઇમ્લસીફીકેશન પધ્ધતીથી અત્યંત આધુનીક હાઇડ્રોફોબીક નેત્રમણિ સાથેનુ ઓપરેશન વિના મુલ્યે કરી આપવામાં આવે છે. જેનો ખાનગી હોસ્પિટલનો ખર્ચ અંદાજીત ૬૦ થી ૮૦ હજાર જેટલો થતો હોય છે.

- સદર ઝુંબેશ હેઠળ મોતિયાના કુલ ૮,૦૩,૧૨૩ ઓપરેશન પુર્ણ કરવામા આવેલ છે. જે પૈકી ૧૯,૨૯૫ જેટલા બન્ને આંખે મોતિયાના લીધે અંધ હોય તેવા દર્દીઓના ઓપરેશન સફળતાપુર્વક કરવામા આવેલ છે.

- વર્ષ ૨૦૦૦-૨૦૦૧ માં મોતિયાના ઓપરેશન ૪,૦૦,૦૦૦ કરવામાં આવતા હતા જે વધીને વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં ૭,૦૦,૦૦૦ થવા પામેલ છે.

## ટેલીમેડિસિન:

ગુજરાત રાજ્યના છેવાડાના વિસ્તાર સુધી ઘરે બેઠા નોન ઇમર્જન્સી આરોગ્ય લક્ષી સારવાર મળી રહે તે હેતુસર ઇસંજીવની ટેલીમેડિસિન સેવાઓ આપવામાં આવી રહી છે.

- ગુજરાત રાજ્યમાં હાલમાં કુલ ૨૦ ટેલીમેડીસીન હબ કાર્યરત છે. જે પૈકી ૧૫ સરકારી અને GMERS મેડિકલ કોલેજ કમ હોસ્પિટલ અને AIIMS રાજકોટ હબ તરીકે આવરી લીધેલ છે.

- ટેલીમેડીસીન પ્રોગ્રામમાં નવીનતમ પ્રયાસ અંતર્ગત જીલ્લા કક્ષાના હબ સ્થાપિત કરવાની યોજના કરેલ છે. જેમાં જીલ્લા દીઠ કુલ ૩ સ્પેશિયાલિસ્ટ ફાળવવામાં આવશે.

- ટેલીમેડીસીન પોર્ટલ પર અત્યાર સુધીમાં (તા.૧૪/૨/૨૦૨૪) ૩,૯૯૪ ડોક્ટર અને ૮૪૩૨ કમ્યૂનિટી હેલ્થ ઓફિસર રજિસ્ટર્ડ કરેલ છે તેમજ કુલ ૧૦,૧૦૭ હેલ્થ ફેસેલિટી રજિસ્ટર્ડ કરેલ છે.

- ટેલીકન્સલ્ટેશન (ડોક્ટર થી ડોક્ટર) (તા.૧૪/૨/૨૦૨૪) દ્વારા કુલ ૮૧,૬૯,૦૭૪ લાભાર્થીઓ એ લાભ મેળવેલ છે.

- દર્દીઓ માટે સ્પેશ્યાલીસ્ટ કન્સલટેશન ટેલીમેડીસીનનાં માધ્યમથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલ છે. જેમાં દર્દી પોતે સ્માર્ટફોનનાં માધ્યમથી ઇ-સંજીવની ઓપીડી એપ્લીકેશન ધ્વારા ડૉકટરનો સંપર્ક કરી મોબાઇલ પર પ્રિસ્ક્રિપ્શન મેળવી ન-જીકનાં સરકારી દવાખાનામાંથી દવા મેળવી શકે છે.

## PMJAY–MA:

રાજ્યના ગરીબ કે મધ્યવર્ગનો કોઇપણ પરિવાર એકાએક આવી પડેલ મેડિકલ ઇમરજન્સી ના કારણે દેવાદાર ન બને , આર્થિક ભીંસ માં ન મૂકાય તે માટે નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતમાં વર્ષ 2012 માં મા યોજનાની શરૂઆત કરી હતી.

ગુજરાતમાં હાથ ધરાયેલ મા યોજનાની આ પહેલ વર્ષ 2018 માં સમગ્ર દેશ માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય-આયુષ્માન યોજનામાં પરિણમી.

રૂ. 2 લાખની આર્થિક સહાય થી શરૂ થયેલ આ યોજના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ દરેક કુટુંબદીઠ વાર્ષિક રૂ. 10  લાખ ની સહાય આપતી સ્વાસ્થ્ય વીમા યોજના બની છે.

રાજ્ય સરકાર દ્વારા NFSA ના લાભાર્થીઓને પણ “પી.એમ.જે.એ.વાય.-મા” યોજનાનો લાભ આપવામાં આવી રહેલ છે.

PMJAY યોજના અંતર્ગત 2500 થી વધું હોસ્પિટલ્સનું એમ્પનેલમેન્ટ થયેલ છે. યોજનાની શરૂઆત(વર્ષ ૨૦૧૮)થી કુલ ૨.૩૮ કરોડ આયુષ્માન કાર્ડ લાભાર્થીઓને આપેલ છે. આયુષ્માન કાર્ડ નોંધણી માટે ગુજરાત સમગ્ર દેશમાં ચોથા ક્રમાંકે છે. **આ વર્ષના અંદાજાપત્રમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત એમ્પેનલ થયેલ ૨૫૩૧ ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર આપવા માટે ૬૩૧૧૦ કરોડની જોગવાઇ કરાઇ છે.**

આયુષ્માન કાર્ડ અંતર્ગત દાવા નોંધણીના કિસ્સામાં ગુજરાતમાં અંદાજીત ૪૭.૨૮ લાખ જેટલા ક્લેમ્સ (દાવા) આયુષ્માન કાર્ડ અંતર્ગત નોંધવામાં આવ્યા છે(વર્ષ ૨૦૧૮ થી તા. ૧૬.૦૨.૨૪સુધી). જે સંખ્યાની દ્રષ્ટિએ ગુજરાત સમગ્ર દેશમાં સાતમાં ક્રમાંકે છે. જ્યારે અત્યાર સુધીમાં દાવાઓની રકમની દ્રષ્ટિએ રૂ. ૧૦,૩૪૨ કરોડની રકમના દાવા નોંધણી સાથે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે.

## અંગદાન અને પ્રત્યારોપણ:

# (અમદાવાદ સિવિલ હોસ્પિટલની કામગીરીની વાત વર્ણવી શકાય – અમરકક્ષની પહેલ )

ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે કે જ્યાં અંગ પ્રત્યારોપણ સંબંધિત શૈક્ષણિક અભ્યાસક્રમો અને સંશોધનો માટે ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સ માટે સમર્પિત ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાઇન્સની સ્થાપના કરવામાં આવી છે.

- ગુજરાતે કેડેવર ટ્રાન્સપ્લાન્ટેશનને પ્રોત્સાહન આપવા અને સુવિધા આપવા માટે SOTTO (સ્ટેટ ઓર્ગન એન્ડ ટીશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન) ની સ્થાપના કરી છે.
- 2019 માં SOTTOની શરૂઆતથી અત્યાર સુધીમાં 3553 કિડની, 635 લિવર, 71 હૃદય, 22 ફેફસાં, 12 સ્વાદુપિંડ, ના પ્રત્યારોપણ કરવામાં આવેલ છે.

## સિકલસેલ એનિમિયા કંટ્રોલ પ્રોગ્રામ:

**(મોદી સાહેબે ગુજરાતમાં વર્ષ 2006 માં આ કાર્યક્રમની શરૂઆત કરી, ગુજરાતની પહેલથી દેશને લાભ મળ્યો એ વાત કરી શકાય)**

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે એક સામાન્ય કાર્યકર્તા હતા એ સમયે દક્ષિણ ગુજરાતના આદિજાતિ બાહુલ્ય ધરાવતા વિસ્તારોના પ્રવાસ દરમિયાન સિકલસેલ એનિમિયા નામનો રોગ તેમના ધ્યાને આવ્યો હતો.

આ રોગની ગંભીરતાને ધ્યાનમાં લઇને તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના દ્રષ્ટિવન્ત નેતૃત્વમાં ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૬ થી સિકલસેલ એનીમિયા કંટોલ પ્રોગ્રામ શરૂ કર્યો હતો. જેનો હેતુ આદિજાતિમાં જોવા મળતાં સિકલસેલ એનીમિયા રોગના દર્દીઓને શારીરિક, સામાજિક અને આર્થિક રીતે સદ્ધર જીવન પૂરું પાડી સિકલસેલ રોગગ્રસ્ત બાળજન્મ અટકાવવાનો છે.

સિકલ સેલ એનિમિયા મુખ્યત્વે ભારતની આદિજાતિ વસ્તીમાં જોવા મળે છે. વર્ષ ૨૦૦૬માં જાહેર-ખાનગી ભાગીદારીના આધારે રાજ્ય સરકારની હાલની આરોગ્ય સેવાઓમાં સિકલ સેલ એનિમિયા નિયંત્રણ કાર્યક્રમનો સમાવેશ કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય છે.

અંબાજી થી ઉમરગામના આદિવાસી બહુલ વસ્તી ધરાવતા રાજ્યના કુલ ૧૪ જિલ્લાઓની લગભગ ૧ કરોડ ૨ લાખથી વધુ આદિજાતિ વસ્તીને આ કાર્યક્રમથી આવરી લેવામાં આવેલ છે.

હાલમાં ૧,૦૨, ૯૩, ૬૯૭ આદિજાતિ વસ્તીમાંથી અંદાજીત ૯૯% લોકોનું સ્કીનીંગ કરવામાં આવેલ છે. (૧,૦૨,૮૧,૩૪૨)

સિકલ સેલના લક્ષણો ધરાવતી વ્યક્તિઓની સંખ્યા :- ૭.૨ લાખ

સિકલ સેલના દર્દીઓ :- ૩૨,૦૨૬

ગુજરાત સરકાર સ્વસ્થ ગુજરાત, સ્વસ્થ ભારતની કલ્પનાને સાકાર કરવા સાથે આદિવાસી સમુદાયને સિકલસેલ એનિમિયાથી મુક્તિ અપાવવા માટે મિશન મોડમાં કામગીરી કરી રહેલ છે.

રાજયની ભૌગોલિક પરિસ્થિતિ તથા આદિજાતિ દુર્ગમ વિસ્તારો અને અંતરિયાળ વિસ્તારોને ધ્યાને લઇને આવા વિસ્તારોમાં આવેલાં ગામડાઓમાં ગ્રામજનોને ઘરઆંગણે પ્રાથમિક તબીબી સારવાર ઉપલબ્ધ થાય તે હેતુથી અગરિયા, આદિજાતિ, સરહદી વિસ્તાર, સાગરખેડુ સર્વાંગી વિકાસ હેઠળ રાજયમાં કુલ ૮૦ જેટલા મોબાઇલ હેલ્થ / મેડીકલ યુનિટ મંજૂર કરવામાં આવેલ છે.

## આયુષ સેવાઓ:

- આરોગ્ય અને તેના સંલગ્ન આરોગ્ય સુવિધાઓ બહુઆયામી હોવી આવશ્યક છે. ભારતમાં આદિકાળથી બિનપરંપરાગત આયુષ સારવાર પદ્ધતિઓનું પ્રચલન છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન અંતર્ગત પણ આયુષ પદ્ધતિઓના એલોપથી સાથે સંકલન પર ભાર મુકવામાં આવ્યો છે.

- ગુજરાત રાજ્યમાં હાલમાં કુલ ૩૮ આયુષ હોસ્પિટલ, ૦૫-આયુર્વેદ કોલેજ, ૦૧-હોમિયોપેથી કોલેજ, ૫૭૯-આયુર્વેદ દવાખાના, ૨૭૨-હોમિયોપેથી દવાખાના તથા ૦૨-સરકારી આયુર્વેદ ફાર્મસીઓ કાર્યરત છે.
- વર્ષ-૨૦૦૧માં કુલ ૭૪૯ આયુર્વેદ અને હોમીયોપેથી દવાખાના, હોસ્પિટલો, કોલેજ કાર્યરત હતી. ત્યારબાદ કુલ ૧૪૮ નવી સંસ્થાઓ શરૂ કરવામાં આવી. હાલમાં કુલ ૮૯૭ સંસ્થાઓ આયુષ અંતર્ગત કાર્યરત છે.

### ઉત્તર ઝોન

- રાજ્યના ઉત્તર ઝોનમાં પ્રજાજનોને આયુષની વિનામૂલ્યે સારવાર અને રાજ્યના વિદ્યાર્થીઓને આયુર્વેદ અને હોમીયોપેથીમાં સ્નાતક બનવા માટે ઉચ્ચ શિક્ષણ પૂરૂ પાડવા માટે હાલ ૧૫૮ આયુર્વેદ દવાખાના, ૭૮ હોમીયોપેથી દવાખાના, ૧૪ આયુર્વેદ

હોસ્પિટલો, ૧ હોમીયોપેથી હોસ્પિટલ, ૨ આયુર્વેદ કોલેજ અને ૧ હોમીયોપેથી કોલેજ કાર્યરત છે.

- વર્ષ ૨૦૧૬-૧૭માં કોલવડા, ગાંધીનગર ખાતે ૬૦ સીટોની ક્ષમતા અને ૧૦૦ પથારીની સંલગ્ન હોસ્પિટલને નવી સ્ટેટ મોડેલ સરકારી આયુર્વેદ કોલેજ - કુલ ૧૫૫.૬૨ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવેલ છે. જેને વર્ષ ૨૦૨૪-૨૫ માં આયુર્વેદ ફોર એક્સેલન્સ તરીકે વિકસાવવામાં આવ્યા છે. હાલમાં, આ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં દર વર્ષે કુલ ૫૦ હજાર જેટલા દર્દીઓ ઓપીડી અને કુલ ૧૦ હજાર જેટલા દર્દીઓ આઈપીડી સારવાર લઈ રહ્યા છે.

- રાજ્યના ઉત્તરઝોનના પાટણ જિલ્લાના દેથળીમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૦૦ સીટની ક્ષમતા સાથે સરકારી આયુર્વેદ અને હોમિયોપેથી કોલેજ તથા ૨૫ પથારીની સંલગ્ન હોસ્પિટલ શરૂ કરવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૧૮-૧૯માં રાજ્યના ૧૨ જિલ્લાઓમાં જિલ્લા કક્ષાએ નવી ૫૦ બેડની આયુષ હોસ્પિટલ મંજુર કરવામાં આવી. જેમાં ઉત્તર ઝોનમાં અરવલ્લી-મોડાસા ખાતે નવી આયુષ હોસ્પિટલનું બિલ્ડીંગ પૂર્ણ થવાના આરે છે. તેમજ આગામી સમયમાં આ ઝોનમાં મહેસાણા, પાલનપુર ખાતે પણ આ હોસ્પિટલો શરૂ કરવામાં આવનાર છે.

- સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ અને સંલગ્ન હોસ્પિટલના બિલ્ડીંગના નવા બાંધકામ માટે જુની રક્તપિત્ત હોસ્પિટલ, નારોલ, અમદવાદ ખાતે કુલ ૭.૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

- મહેસાણા જિલ્લામાં વિસનગર તાલુકામાં ૫૦ પથારીની સરકારી આયુર્વેદ હોસ્પીટલ ના નવીન બાંધકામ માટે ૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

## મધ્ય ઝોન

- આજ રીતે રાજ્યના મધ્ય ઝોનમાં હાલ ૧૨૨ આયુર્વેદ દવાખાના, ૪૪ હોમીયોપેથી દવાખાના,અને ૫ આયુર્વેદ હોસ્પિટલો, કાર્યરત છે.

- આ ઉપરાંત આગામી સમયમાં મધ્ય ઝોનમાં છોટા ઉદેપુર, લૂણાવાડા, ખેડા, આણંદ ખાતે નવી ૫૦ બેડની આયુષ હોસ્પિટલો શરૂ કરવામાં આવનાર છે.

- ભારત સરકાર દ્વારા સી.એસ.એસ. અંતર્ગત સરકારી આયુર્વેદ ફાર્મસી, રાજપીપળાના અપગ્રેડેશન માટે આયુષ ઔષધિ ગુણવત્તા એવં ઉત્પાદન સંવર્ધન યોજના અંતર્ગત કુલ ૫.૭૨ કરોડની જોગવાઈ છે.

## દક્ષિણ ઝોન

- આજ રીતે રાજ્યના લક્ષીણ ઝોનમાં હાલ ૧૨૩ આયુર્વેદ દવાખાના, ૬૧ હોમીયોપેથી દવાખાના, ૮ આયુર્વેદ હોસ્પિટલો, અને ૨ આયુર્વેદ કોલેજો કાર્યરત છે.
- ભારત સરકાર દ્વારા નેશનલ આયુષ મિશન અંતર્ગત સુરત ખાતે ૫૦ બેડની આયુર્વેદ હોસ્પિટલનું નિર્માણ પૂર્ણ થનાર છે. જેને નજીકના સમયમાં કાર્યરત કરવામાં આવશે.
- આ ઉપરાંત આગામી સમયમાં મધ્ય ઝોનમાં ભરૂચ અને તાપી ખાતે નવી ૫૦ બેડની આયુષ હોસ્પિટલો શરૂ કરવામાં આવનાર છે.

## સૌરાષ્ટ્ર ઝોન

- આ જ રીતે રાજ્યના સૌરાષ્ટ્ર ઝોનમાં હાલ ૧૭૬ આયુર્વેદ દવાખાના, ૯૦ હોમીયોપેથી દવાખાના, ૧૧ આયુર્વેદ હોસ્પિટલો, અને ૨ આયુર્વેદ કોલેજો કાર્યરત છે.
- રાજ્યની આયુષ સેવાઓને વૈશ્વિક ગુણવત્તા યુક્ત બનાવવા અને મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને આયુર્વેદના સ્નાતક કક્ષાના અભ્યાસની તક આપવા વર્ષ-૨૦૨૩માં સુરેંદ્રનગર જિલ્લા ખાતે નવી સરકારી આયુર્વેદ કોલેજ તથા ૧૦૦ પથારીની

NABH એક્રેડિટેડ સંલગ્ન હોસ્પિટલ શરૂ કરવા માટે ખાતમુહુર્ત કરવામાં આવ્યું છે. જે માટે કુલ ૧૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

- પ્રધાનમંત્રી શ્રી નરેંદ્ર મોદીએ ભારતવર્ષને વિશ્વગુરૂ બનાવવા માટે 'આયુષ'- આયુર્વેદ, યોગ, યુનાની, સિધ્ધ અને હોમીયોપેથી સેવાઓને વૈશ્વિક ફલક પર લઈ જવા "આયુષ વિઝા" અને "આયુષ માર્કા" વિગેરેની જાહેરાત કરી છે. જેમાં આગામી વર્ષોમાં વિશ્વના દેશોના પ્રવાસીઓ "Heal in India - Heal by India" પોલીસી અન્વયે આયુષ સેવાઓ લેવા ભારત દેશમાં આવનાર છે.
- વિશ્વ ભરના દેશોની પરંપરાગત ચિકિત્સા પધ્ધતિનો લાભ પ્રજાજનોને મળે અને આયુષ ક્ષેત્રે સંશોધન અને આનુસાંગિક સેવાઓ પૂરી પડે તે માટે વર્ષ ૨૦૨૩માં માનનીય વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે જામનગર ખાતે WHO દ્વારા "Global Center for Traditional Medicine" (GCTM)ની સ્થાપના કરવામાં આવી છે.
- આ ઉપરાંત આગામી સમયમાં સૌરાષ્ટ્ર ઝોનમાં દેવભૂમિ દ્વારકા અને ગીર સોમનાથ ખાતે નવી ૫૦ બેડની આયુષ હોસ્પિટલો શરૂ કરવામાં આવનાર છે.
- આ ઉપરાંત રાજ્યમાં હાલમાં કુલ ૫૭૯ આયુર્વેદ દવાખાના અને ૨૭૨ હોમીયોપેથી દવાખાનાઓ પૈકી નેશનલ આયુષ મિશન અંતર્ગત કુલ ૩૩૯-આયુર્વેદ દવાખાના અને ૨૬-હોમીયોપેથી દવાખાનાઓ, એમ કુલ ૩૬૫ સરકારી આયુર્વેદ અને હોમીયોપેથી દવાખાનાઓને અપગ્રેડ કરી **આયુષ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર (AHWC)** તરીકે કાર્યરત કરવામાં આવ્યા છે. તથા ૩૮ આયુષ હોસ્પિટલ ખાતે આયુષ વેલેનેસ સેન્ટર તરીકે કાર્યરત કરવામાં આવ્યા છે

વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં

કાયદા વિભાગના અનુદાનો માટેની

માંગણી ક્રમાંક -૬૦  ઉપર ચર્ચા માટે

માન.મંત્રીશ્રીનું પ્રવચન

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર

તારીખ .૨૭/૦૨/૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી,

વર્ષ ૨૦૨૪ – ૨૫ ના અંદાજપત્રમાં કાયદા વિભાગને રૂ.૨૫૫૮.૭૭ કરોડ ફાળવેલ છે.તે પૈકી માંગણી ક્રમાંક-૬૦ના મહેસૂલ સદરે રૂ. ૧૭૦૨.૯૬ કરોડ તથા મૂડી સદરે રૂ ૨૯૩.૮૨ કરોડની માંગણીઓ ગૃહ સમક્ષ મૂકી રહ્યો છું.

**માન. અધ્યક્ષશ્રી,**

## મારા સૌને જયશ્રી રામ,

હાલમાં જ્યારે દેશમાં રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થઈ ગઈ છે ત્યારે આપણા ગુજરાત રાજ્યમાં પણ કાયદો અને વ્યવસ્થા દ્વારા રામરાજ્યની સ્થાપનાના ઉદ્દેશ સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે.

રામ એટલે શરીરરૂપી ધર્મ, અને ધર્મ એટલે કાયદા અને સુશાસન દ્વારા સર્વલોકો સુખી પ્રસન્ન અને સ્વતંત્રતાનો અનુભવ કરે છે. એટલે જ તો ધર્મના સૌપ્રથમ કાયદા સંગ્રહ એવા મનુસ્મૃતિને પણ ધર્મશાસ્ત્ર જ કહેવાય છે. આપણી રાજ્ય સરકાર પણ એ જ વ્યવસ્થામાં માનનાર છે. એટલે જ “નિર્બલ કે બલ રામ” તે વિધાનને સાર્થક કરી “રામરાજ્યમ વિધિ શાસનમ” એટલે કે કાયદા દ્વારા સર્વને ન્યાય આપી રામરાજ્યની સ્થાપના કરવાની ભાવનાને અનુસરી રહી છે.

આઝાદીના અમૃતકાળમાં અગ્રેસર રહેલ ગુજરાત રાજ્યમાં છેવાડાનાં ન્યાયવાંચ્છુંકો ઝડપથી ઘરઆંગણે ન્યાય મેળવી શકે તેવી સુદ્રઢ ન્યાયવ્યવસ્થા

સુસ્થાપિત થાય તે કાયદા વિભાગના ઉમદા હેતુને સાકાર કરવાનું સ્વપ્નું સેવનાર સ્વપ્નદ્રષ્ટા ભારતના લોકલાડીલા અને યશસ્વી વડાપ્રધાન ગુજરાતના પનોતા પુત્ર શ્રી. નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી. ભૂપેન્દ્રભાઇ પટેલની રાહબરી હેઠળ રાજ્યની સંવેદનશીલ અને પ્રગ્રતીશીલ સરકાર પ્રજાના મૂળભૂત હક્કોનું રક્ષણ કરવા સદા તત્પર રહે છે.

ન્યાયતંત્ર તે લોકશાહી પ્રણાલીનો એક મહત્વનો આધાર સ્તંભ છે. તે પાયો કઈ રીતે વધુ વિસ્તૃત સુદ્રઢ અને મજબૂત થાય તે જોવાની સરકારની મહત્વની ફરજ છે. એટલા માટે જે હાલની ભારતીય જનતા પાર્ટીની સરકાર ન્યાયતંત્રની એક પણ માંગણી સરકાર દ્વારા સંતોષાયા વગરની ન રહે તેના માટે હર હંમેશ પ્રયત્નશીલ રહે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજયની પ્રજામાં કાયદાની જાણકારી વધે અને લીગલ અવેરનેસ આવે તે માટે પણ સરકાર દ્વારા રાજયની વડી અદાલત સાથે સંકલન સાધવામાં આવેલ છે . રાજયના લોકો પોતાના કાયદાકીય અધિકારો માટે અદાલતની ઈન્સાફી પ્રક્રિયામાં સાહેદોની જુબાની નોંધવામા બિન જરૂરી વિલંબ ન થાય અને સાહેદ કે જે અન્ય શહેરમાં રહેતો હોય કે ફરજ પર હોય તેને અગવડ ન પડે અને કાર્યવાહીમા ઢીલ ન થાય તે માટે

મને જણાવતા આનંદ થાય છે કે, રાજયમાં આવેલ તમામ પ્બલીક પ્રોસીકયુટર એટલે કે સરકારી વકિલશ્રીઓની કચેરીમાં સરકાર દ્વારા વીડીયો કોન્ફરન્સની સુવિધા ઉપલબ્ધ કરાવવામા આવશે. તેનાથી રાજયની કોઈપણ સરકારી વકિલની કચેરીમાંથી

ક્રિમીનલ કેસમા પોલીસ શાહેદો તથા સરકારી શાહેદો કે જેઓની બદલી અન્ય જિલ્લામાં થઈ ગયેલ હોય તેઓએ જે જિલ્લામાં કેસ ચાલતો હોય તે જિલ્લાની અદાલતમાં રૂબરૂ હાજર થઈ જુબાની આપવી પડે છે પરંતુ સદર સુવિધાથી આવા સરકારી શાહેદો પોતે જે જિલ્લામાં ફરજ બજાવતા હશે તે જિલ્લાની સરકારી વકીલશ્રીની કચેરીમાંથી જે જિલ્લામાં ક્રિમીનલ કેસ ચાલતો હશે તેમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પોતાની જુબાની આપી શકશે. આમ કરવાથી સમય અને સરકારી નાણાની બચત થશે.

હાલના ટેકનોલોજીના યુગમાં આપણાં રાજયએ પણ હરણફાળ ભરેલ છે અને સમયને અનુરૂપ ડીઝીટલાઈઝેશના આ જમાનામાં રાજયના કોઈપણ ખુણેથી કોઈપણ પક્ષકાર અને વકિલશ્રી રાજયમા આવેલ કોઈપણ ટ્રીબ્યુનલમાં સુનાવણીની કાર્યવાહીમા જોડાઈ શકે તે માટે ટ્રીબ્યુનલોને હાઈબ્રીડ મોડ એટલે કે ઓનલાઈનથી કાર્યરત કરવાનો નિર્ણય સરકારશ્રી દવારા કરવામા આવેલ છે. જેથી પક્ષકારો તથા તેઓના વકીલશ્રીઓને જેતે ટ્રિબ્યુનલમાં જાતે હાજર રહેવાના બદલે હાઇબ્રિડ મોડથી એટલે કે ઓનલાઇન રીતે ટ્રિબ્યુનલની કાર્યવાહીમાં ભાગ લેવા સુવિધા મળશે અને તેના કારણે પક્ષકાર તથા તેના વકીલશ્રીને ટ્રિબ્યુનલમાં આવવા જવાનો પોતાનો કીંમતી સમય તથા નાણાશક્તિનો બચત થશે અને ટ્રિબ્યુનલની સુનાવણીની કાર્યવાહીમાં બિનજરૂરી વિલંબ નિવારી શકાશે, અને તે અંગે જરૂરી બજેટ રૂ. ૦૫ કરોડ પણ ફાળવવામાં આવેલ છે.

## અલગ અલગ જિલ્લાઓમાં કોર્ટો તથા સ્પેશ્યલ કોર્ટોની (ફાસ્ટ્રેક કોર્ટ) સ્થાપનાની વિગતો

**માન. અધ્યક્ષશ્રી,**

હાલમાં ગુજરાત રાજ્યમાં જિલ્લા અને સત્ર ન્યાયયાધીશથી લઈને સિવિલ જજ અને જે.એમ.એફ.સી સુધીના કેડરની **કુલ: ૧૧૮૫ કોર્ટો** અસ્તિત્વમાં છે. છેલ્લા એક વર્ષની અંદર સબઓર્ડિનેટ કોર્ટ દ્વારા કુલ ૧૬,૮૭,૨૦૭ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે

### સ્પેશ્યલ કોર્ટની (ફાસ્ટ્રેક કોર્ટ) વિગતો:

- સમયની માંગને અનુલક્ષીને અને બદલાતા ગુનાના પ્રકારો અને ગુનો આચરનારની બદલાતી માનસિકતાને ધ્યાનમાં રાખીને નવા કાયદાઓ ઘડવામાં આવેલ છે. અને તે કાયદા હેઠળના કેસો ઝડપથી ચાલે તે માટે ખાસ કોર્ટોની સ્થાપના કરવામાં આવેલ છે.
- મને એ જણાવતા આનંદ થાય છે કે અગાઉ ક્યારેય નહોતી એટલી સંખ્યામાં આજે ગુજરાત રાજયમાં દરેક પ્રકારના કાયદાઓ માટે વિવિધ કોર્ટો આ રાજય સરકાર દ્વારા નામ. હાઇકોર્ટના પરામર્શમાં મંજુર કરીને કાર્યરત કરવામાં આવેલ છે.રાજય સરકાર દ્વારા ગુજરાત રાજયમાં અલગ અલગ જિલ્લાઓમાં અલગ અલગ કાયદા હેઠળ કુલ ૪૧૮ (એસ.સી.એસ.ટી કાયદા અંતર્ગની ૪૨ કોર્ટ છે) સ્પેશિયલ કોર્ટોની સ્થાપના કરવામાં આવેલ છે .

### લોકઅદાલતો દ્વારા કેસોનું સમાધાન

માન. અધ્યક્ષશ્રી,

**"ન્યાય માટે ન લડવું તે પણ અન્યાય છે, કાનુની સહાય કેન્દ્ર થકી આ સત્ય સમજાય છે."**

આપણે સૌ જાણીએ છીએ કે, "તમે ગમે તેટલા મોટા હોવ કે વ્યક્તિ વિશેષ હોય, કાયદો તમારાથી ઉપર છે." આ તબક્કે હું એ કહેવા માંગુ છું કે, "કાનુની સહાય મદદ જ નથી પરંતુ ઉપચાર છે." અને "કાનુની સેવાના માધ્યમથી પક્ષકારોના કાનુની વિવાદોનો સુખદ અંત આવે છે." અને "કાનુની તકરારનો કાયમી નિકાલ આવે છે."

માન. અધ્યક્ષશ્રી,

વર્ષ ૨૦૧૯-૨૦૨૩ ના સમય દરમિયાન લોક અદાલત દ્વારા નિર્ણિત થયેલ કેસોની સંખ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | યોજાયેલ લોક અદાલતોની સંખ્યા | હાથ ધરવામાં આવેલ કેસોની સંખ્યા | ફેસલ થયેલ કેસોની સંખ્યા | સેટલમેન્ટ અમાઉન્ટ (રુપિયા કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૧૫,૨૨૩ | ૫૬,૭૨,૬૯૮ | ૨૪,૯૫,૩૪૪ | 11,613 કરોડ |

માન. અધ્યક્ષશ્રી,

આ ઉપરાંત, સમગ્ર રાજયમાં વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૩ દરમિયાન કુલ **૯૧,૬૦૪ થી વધુ લીગલ લીટરસી કેમ્પ** યોજવામાં આવેલ હતા. જેમાં કુલ **૧૨,૪૧,૬૯,૨૯૩ લાભાર્થીઓને** બેનીફીટ મળેલ છે.

- Vertual LokAdalat નું ગુજરાત રાજયમાં આયોજન કરવામાં આવેલ છે. Vertual LokAdalat દ્વારા કેસોનો સમાધાનના માધ્યમથી નિકાલ થયેલ છે

| ક્રમ | હાથ ધરવામાં આવેલ કેસોની સંખ્યા | ફેસલ થયેલ કેસોની સંખ્યા | સેટલમેન્ટ અમાઉન્ટ |
|---|---|---|---|
| ૧ | ૧,૪૦,૧૯૪૯ | ૮,૮૪,૪૭૧ | 489 કરોડ |

**માનનીય અધ્યક્ષશ્રી**

આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી તથા  રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની રાહબરી હેઠળ ડીઝીટલાઈઝેશનને કોર્ટોમાં વેગ આપવા માટે તથા અદાલતી પ્રક્રિયામા ઈઝ ઓફ ડુઈંગના ભાગરૂપે અમારી સરકાર દવારા ઈ-કોર્ટ મીશન મોડ પ્રોજેકટ હેઠળ રૂા. ૨૦ કરોડ ફાળવેલ છે .

જેનાથી રાજ્યની અલગ અલગ અદાલતોને ડીઝીટલાઈઝેશનથી કાર્યરત કરવા અલગ અલગ ઉપકરણો અને સંશાધનો પુરા પાડવામા આવશે અને તેના કારણે અદાલતોની કાર્યવાહીને એક અલગ ઓપ મળશે.

મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે, આ સરકાર અદાલતોની સલામતીની પણ પુરતી કાળજી લે છે અને તે માટે સીસીટીવી સર્વેલન્સની ખરીદી માટે સરકાર દવારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે રૂા. ૧૨ કરોડની જોગવાઈ કરેલ છે.

આ ઉપરાંત ગતવર્ષે રાજયના ન્યાયતંત્રની તાબાની અદાલતોમા જુદાજુદા સંવર્ગની કુલ ૩૫૧૬ જગ્યા તેમજ નામદાર વડી અદાલત ખાતે જુદાજુદા સંવર્ગની કુલ ૭૨૨ નવી જગ્યાઓ રાજય સરકાર દ્વારા મંજુરી આપવામા આવેલ છે. જે રાજ્યમાં અત્યાર સુધી ન્યાયિક સંવર્ગમાં એકસાથે મંજૂર થયેલ સૌથી મોટી સંખ્યા છે. આ જગ્યાઓ ભરાવાના કારણે રાજ્યના લોકોને ન્યાય મેળવવામાં થતાં વિલંબને નિવારી શકાશે અને સ્થાનિક કક્ષાએ જ ન્યાય સુલભ કરી શકાશે. **વધુમાં મંજૂર થયેલ સંવર્ગની જગ્યાઓ ભરાવાથી રાજ્યમાં મોટાપાયે યુવાઓ માટે નવી રોજગારીનું સર્જન થશે.**

## સરકારી વકીલશ્રીને કામગીરી પેટે પ્રોસ્તાહક ઇનામ આપવા બાબત

**માનનીય અધ્યક્ષશ્રી**

ગુજરાત રાજયમાં ન્યાયિક કાર્યવાહીમા ગુનેગારો ને થતી સજાનુ જે પ્રમાણ છે તેને લઈને અમારી સરકાર સજાગ છે અને ગુનેગારો માટે સજાનુ પ્રમાણ વધે અને ક્રિમિનલ કેસોના ઝડપી ડિસ્પોઝલ, પ્રોગ્રેસ ઓફ ક્રિમિનલ કેસ, કેટલા વિટનેસ તપાસ્યા જેવા પરિમાણો તપાસી ઉત્કૃષ્ઠ કામગીરી બદલ રોકડ રકમ, સન્માન પત્ર અને મોમેન્ટોથી સન્માનિત કરવા અંગે દર વર્ષે ૫ એ.પી.પીશ્રીઓ અને ૩ એડી. પીપીશ્રીઓ સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવા વર્ષ ૨૦૨૪-૨૫ થી નવી બજેટ જોગવાઇ દાખલ કરવામાં આવેલ છે, જે અન્વયે રાજ્યના તમામ એ.પી.પીશ્રીઓ અને એડી. પીપીશ્રીઓને વિવિધ પરિમાણો પર ચકાસીને પ્રથમ પાંચ ક્રમાંક પર આવનાર એ.પી.પીશ્રીઓને અને પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર એડી. પીપીશ્રીઓને નીચે કોષ્ટકમાં દર્શાવ્યાનુસાર રોકડ ઇનામ, સન્માનપત્ર અને મોમેન્ટો આપવાનો સરકારશ્રીએ નિર્ણય કરેલ છે.

| | |
|---|---|
| પ્રથમ ક્રમાંક | ₹ ૨૫,૦૦૦ |
| દ્વિતિય ક્રમાંક | ₹ ૨૦,૦૦૦ |
| તૃતીય ક્રમાંક | ₹ ૧૫,૦૦૦ |
| ચતુર્થ ક્રમાંક | ₹ ૧૦,૦૦૦ |
| પંચમ ક્રમાંક | ₹ ૫,૦૦૦ |

માનનીય અધ્યક્ષશ્રી

મને ગર્વ સાથે જણાવતા આનંદ થાય છે કે, **અંગ્રેજોના સમયથી ચાલી આવતા આઈ.પી.સી. અને સી.આર.પી.સી. અને એવીડેન્સ એક્ટની જગ્યાએ ન્યાયિક પ્રક્રિયાને વેગ આપવા આપણા સૌના લોકલાડીલા માન પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી માનનીય અમીત શાહ દ્વારા ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ના નવા કાયદા બનાવવા બદલ તેઓને હું ખૂબખૂબ અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કરું છું.**

**જેનો અમલ તા. 1-7-2024 થી થવાનો છે.**

# ચેરીટીતંત્ર

માનનીય અધ્યક્ષશ્રી

ચેરિટી તંત્રએ ગુજરાત સરકારશ્રીના કાયદા વિભાગ હેઠળનું તંત્ર છે. ચેરિટી તંત્ર દ્વારા ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ અન્વયેની વિવિધ જ્યુડીશીયલ અને ક્વોશી-જ્યુડીશીયલ કામગીરીઓ કરવામાં આવે છે. તે પૈકીની ખુબજ અગત્યની અને મહત્વની કામગીરી અધિનિયમની કલમ-૩૬ અન્વયે સાર્વજનિક ટ્રસ્ટોની સ્થાવર મિલકતની તબદીલ કરવા અંગેની કાનુની જોગવાઇ કરવામાં આવેલ છે. તે મુજબ મિલકત વેચાણ, ગીરો, વિનિમય, ભાડાપટ્ટે તથા બક્ષિસ કરવા માટે નિયમાનુસારની અરજી કરી પુર્વ પરવાનગી માંગવામાં આવે છે.

માનનીય પ્રધાનમંત્રીશ્રીના વિકાસશીલ અને પારદર્શી વહીવટના અભિગમને અનુસરીને ગુજરાત સરકારશ્રીના દૂરંદેશી કાર્યવાહીના ભાગરૂપે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન તળે સાર્વજનિક ટ્રસ્ટોની પ્રજાલક્ષી કામગીરી સત્વરે થાય તે માટે સાર્વજનિક ટ્રસ્ટો પોતાની મિલકત ટ્રસ્ટના હેતુઓને પુરા કરવા માટે મિલકત વેચાણ/ભાડા પટ્ટે વિગેરે અન્વયે તબદીલ કરવાની અરજી કરે ત્યારે મહત્તમ રકમ ટ્રસ્ટને મળી શકે  પારદર્શક કાર્યવાહી થાય તે હેતુથી તેમજ આવી કાર્યવાહી વધુ પારદર્શક પધ્ધતિથી સમગ્ર રાજયમાં જોઇ શકાય તે માટે પ્રવર્તમાન સમયમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરીને મિલકતનું યોગ્ય મૂલ્યાંકન થઇ શકે તે આશયથી ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ની કલમ-૩૬ હેઠળની કાર્યવાહી ઓનલાઇન ઇ-ઓક્શન પોર્ટલ મારફતે હાથ ધરવાનું ઠરાવવામાં આવેલ છે. ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ની કલમ-૩૬ હેઠળની મિલકત તબદીલ કરવા અંગેની કાર્યવાહી ઇ-ઓકશન પોર્ટલ (e-Auction Portal Application) મારફત સેવા પુરી પાડવા માટે (n) Code Solution – IT Division of GNFC Ltd., Ahmedabadને સરકારશ્રી તરફથી નિમવામાં આવેલ છે.

➢ આ જોગવાઇ મુજબ ઉપરોકત કાર્યવાહી અત્યાર સુધી મેન્યુઅલ રીતે કરવામાં આવતી હતી. તેના કારણે તંદુરસ્ત સ્પર્ધાના અભાવે ઇજારાશાહી વધવાની તથા સ્પર્ધાત્મક ભાવ ન મળવાની શકયતાઓ રહેલી હતી.

➢ સાર્વજનિક ટ્રસ્ટની કોઇપણ સ્થાવર મિલકત વેચાણ, વિનિયમ, ભાડાપટ્ટે અથવા બક્ષિસથી તબદીલ કરી શકાય છે.

➢ આ કાર્યવાહી વધુ પારદર્શક પદ્ધતિથી થાય તેમજ સમગ્ર રાજય તથા દેશમાં તેને જોઇ શકાય તે માટે આજના પ્રવર્તમાન સમયમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને મિલકતનું યોગ્ય મુલ્યાંકન થાય તે માટે રાજય સરકાર દ્વારા ટ્રસ્ટની મિલકતના વેચાણ અને ભાડાપટ્ટા અંગેની કાર્યવાહી ઓનલાઇન ઇ-ઓકશન પોર્ટલ મારફતે હાથ ધરવા નિર્ણય કરેલ છે.

## બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને વેલફેર ફંડ માટે રૂ. ૫ કરોડ  કરોડની ગ્રાન્ટ આપવા બાબત

માનનીય અધ્યક્ષશ્રી

ન્યાયતંત્રમાં વકીલમીત્રો અગત્યનું સ્થાન ધરાવે છે અને એક અભિન્ન અંગ હોય જેથી તેઓની સુખાકારીનું ધ્યાન રાખવાનું હાલની સરકારની ફરજ બની રહે છે. હાલની પ્રજાલક્ષી અને સમાજના દરેક વર્ગને મદદરૂપ થવા તત્પર રાજ્ય સરકારને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ધારાશાસ્ત્રીઓના કલ્યાણ અર્થે રજુઆત કરેલ કે, બાર કાઉન્સિલ દ્વારા ધારાશાસ્ત્રીઓના વેલફેરના ફંડ માંથી મૃત્યુ પામતા ધારાશાસ્ત્રીના પરિવારજનોને મૃત્યુસહાય આપવામાં આવે છે. તેમજ ગંભીર પ્રકારની બીમારીમાં ધારાશાસ્ત્રીઓને માંદગી સહાય આપવામાં આવે છે. તે માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ધારાશાસ્ત્રીઓને વેલફેર ફંડ માથી મૃત્યુસહાય તેમજ માંદગીસહાયની રકમો ચુકવવામાં સહાયરૂપ થવા માટે રજુઆતને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં  ગુજરાત રાજ્યના ધારાશાસ્ત્રીઓના વેલફેર ફંડ અર્થે રૂ.૫.૦૦/- કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

# ઇન્ફ્રાસ્ટ્રકચર

**માન. અધ્યક્ષશ્રી,**

રાજય સરકાર દ્વારા ન્યાયતંત્રને ઈન્ફ્રાસ્ટ્રકચર બાબતે હમેશાં પ્રાથમિકતા આપી છે.રાજ્ય સરકાર દ્વારા ભવિષ્યમાં અત્યાધુનિક અને દરેક સુવિધાથી સજ્જ જિલ્લા કોર્ટ, તાલુકા કોર્ટ અને ફેમીલી કોર્ટ બિલ્ડીંગનું નિર્માણ પામે તથા ન્યાયિક અધિકારીશ્રીઓના રહેણાંકો માટે ક્વાર્ટર બની રહે તે હેતુસર સર્વ-સમાવિષ્ટ બજેટ ફાળવણી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

મને જણાવતા ગર્વ થાય છે કે, ગતવર્ષમાં તા.૦૧/૦૪/૨૩ થી ૨૯/૦૧/૨૪ દરમિયાન કુલ ૧૨ કોર્ટ બિલ્ડીંગનું લોકાર્પણ કરેલ છે અને ૦૫ કોર્ટ બિલ્ડીંગના ભૂમિપૂજન પણ કરેલ છે.તેમાંથી ત્રણ ડિસ્ટ્રીક્ટ હેડક્વાટર્સ બિલ્ડીંગનું લોકાપર્ણ કરાયું છે.અમદાવાદ ખાતે ૨૦૫ જ્યુડિશયલ ઓફીસરના રહેણાક માટે કવાટર્સનું પણ ભૂમિપૂજન કરેલ છે.

મને એ જણાવતા ગર્વ થાય છે કે,વર્તમાન સમય એ ગુજરાત ન્યાયતંત્રની માળખાગત સુવિધા (ઈન્ફ્રાસ્ટ્રકચર) ના વિકાસનો સુવર્ણયુગ ચાલી રહ્યો છે. જેના ભાગરૂપે વિવિધ સ્થળે કોર્ટ બિલ્ડીંગના બાંધકામ અને મરામત માટે રૂ. ૨૧૧ કરોડની જોગવાઇ કરેલ છે અને ન્યાયિક અધિકારીશ્રીઓ તથા સ્ટાફના રહેણાક માટે રૂ. ૧૨૫ કરોડની જોગવાઇ કરેલ છે. આમ, આ સરકાર દ્વારા અદાલતોને નવીન કોર્ટ બીલ્ડીંગોથી સુસજ્જ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આજે ગૃહમાં રજુ કરેલ અમારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ પરિવારની લાગણીઓ રાજ્યના 6.5 કરોડ ગુજરાતવાસીઓના આરોગ્ય અને સુખાકારી માટેની અમારી કટિબધ્ધતા છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જ્યારે ભારત દેશને વર્ષ 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પકર્યો છે ત્યારે તે સંકલ્પપૂર્તિ માટે સૌથી મહત્વનું છે સ્વસ્થ રહેવું.

સ્વસ્થ વ્યક્તિ, સ્વસ્થ સમાજ અને સ્વસ્થ પ્રદેશ જ સ્વસ્થ રાષ્ટ્ર, વિકસીત રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે.

માટે વિકસીત ગુજરાત થી વિકસીત ભારત બનાવવા આપણે સૌ સંકલ્પબધ્ધ બનીએ

હું ગૃહમાં રજુ થયેલ આરોગ્ય વિભાગની તમામ કાપ દરખાસ્ત સભ્યશ્રીઓને પરત ખેંચીને વિકસીત રાષ્ટ્ર, સ્વસ્થ સમાજ બનાવવા અમારી સાથે આગળ વધવા માટે અનુરોધ કરૂ છું.

............................